₹ ૧૫/-

# પૈસાનું મહત્ત્વ



# પ્રભુ અર્પણ

માર્ચ - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

બાળક : વ્યક્તિ પોતે જે પ્રકારે લક્ષ્મીનો ઉપયોગ કરી રહી હોય છે તે પ્રભુના સંકલ્પ અનુસાર છે કે નહિ તે પોતે કઈ રીતે જાણી શકે ?

શ્રી માતાજી : વ્યક્તિએ પ્રથમ તો એ જાણવું જોઈએ કે પ્રભુનો સંકલ્પ શો છે. પણ જો વ્યક્તિમાં આત્મવિશ્વાસ ન હોય તો એને માટે એક ખાતરીભર્યો માર્ગ છે — લક્ષ્મીનું પ્રભુના કાર્ય માટે સમર્પણ કરી દેવું. ''દિવ્ય રીતે'' ઉપયોગ કરવાનો અર્થ એ કે પ્રભુની સેવા માટે ઉપયોગ કરવો — એનો અર્થ એ પણ થાય કે વ્યક્તિએ લક્ષ્મીનો ઉપયોગ પોતાના ઉપભોગ માટે ન કરતાં પ્રભુની સેવા અર્થે એને નિયોજવી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૭)

**પ્રશ્ન :** ભૂતકાળમાં અને વર્તમાનમાં જુદા જુદા ધર્મોમાં દેવોનાં વિધવિધ સ્વરૂપોની જે પૂજા કરવામાં આવે છે તેના પ્રતિ શ્રી અરવિન્દના યોગના સાધકનું વલણ શું હોવું જોઈએ ?

**ઉત્તર :** સૌ ભક્તો પ્રત્યે એક શુભેચ્છાપૂર્ણ ઔદાર્યભાવ. સર્વ ધર્મો પ્રત્યે પ્રબુદ્ધ ઉદાસીનભાવ. અધિમનસનાં સ્વરૂપો સાથેના સંબંધને લાગેવળગે છે ત્યાં સુધી — જો એ સંબંધ બંધાઈ ચૂક્યો હોય તો — પ્રત્યેક કિસ્સામાં તેનો પોતાનો જ ઉકેલ હોવો જોઈએ.

(CWM : 12 : 308)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

માર્ચ – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૩

# અનુક્રમ

## પૈસાનું મહત્ત્વ


| | |
|---|---|
| પૈસો અને નૂતન ચેતના | ૦૫ |
| પૈસાની શક્તિનો ઉપયોગ | ૧૨ |
| પૈસાની શક્તિ અને એની અસર | ૧૮ |
| પૈસો અને ઈશ્વરનું કાર્ય | ૩૩ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૯ |


**તંત્રી નોંધ :** પૈસો એવી શક્તિઓમાંની એક શક્તિ છે જે માનવ પ્રકૃતિ ઉપર મોટી પકડ ધરાવે છે. પૈસા પાછળ એવી શક્તિ રહેલી છે જેનો ઉપયોગ ઈશ્વરની સેવાના કાર્ય માટે તેમ જ પૃથ્વી ઉપર દિવ્ય જીવનની પૂર્ણતા માટે ઉપયોગમાં લઈ શકાય એમ છે. જીવનનાં સર્વ પાસાંઓ વિશે જે રીતે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ ઘણાં ગહન અને ગૂઢ સત્યો પ્રકટ કર્યાં છે, તે જ રીતે પૈસા વિશે પણ તેમણે એ સત્યો પ્રકટ કર્યાં જ છે. પૈસો જે કરણો પૂરાં પાડે છે, એ જે અસર ઉપજાવે છે, એની પાછળ કાર્ય કરતી શક્તિઓ અને સૌથી મહત્ત્વની વાત, પૈસા સાથે કામ પાર પાડવાની યૌગિક રીત. આ અંકમાં પૈસા વિષયક એમનાં લખાણોમાંથી અમુક સત્યોને વીણીને અમે સંકલન કર્યું છે.

*

# પૈસો અને નૂતન ચેતના

### રાજકારણ અને આર્થિક જગત બળપૂર્વક પ્રતિરોધ કરે છે

એમ પણ કહેવામાં આવ્યું છે કે અતિમનસ્‌નું અવતરણ રૂપાંતરને વધારે સહેલું બનાવશે ? તેમાં બે વસ્તુઓ બળપૂર્વક પ્રતિરોધ કરે છે : એક રાજકારણ અને બીજું અર્થકારણ. આ બે બાબતોમાં માનવીય વલણનું પરિવર્તન કરવું તે સૌથી વધારે કઠિન છે.

સિદ્ધાંત રૂપે અમે કહ્યું છે કે રાજકારણ સાથે આપણને કોઈ નિસ્બત નથી. તે વાત સાચી છે કે અત્યારે જે પ્રકારે રાજકારણ આચરાય છે તેની સાથે આપણને કોઈ નિસ્બત નથી. પણ જો રાજકારણને તેની સાચી ભાવનાપૂર્વક સ્વીકારવામાં આવે, માનવસમૂહોના સંગઠનના રૂપમાં, સરકારી તંત્રની સર્વ વિગતોમાં, સામૂહિક જીવનના નિયંત્રણમાં, બીજા સમૂહો, રાષ્ટ્રો, દેશો સાથેના સંબંધોમાં, તો રાજકારણ જરૂર અતિમાનસિક રૂપાંતરમાં પ્રવેશી શકે, કારણ કે જ્યાં સુધી રાષ્ટ્રજીવન અને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો જેવા અત્યારે છે તેવા રહે ત્યાં સુધી પૃથ્વી પર અતિમાનસિક જીવન જીવવું તે તદ્દન અશક્ય છે. એટલે આપણે રાજકારણમાં પણ પરિવર્તન લાવવું પડશે, આપણે તેની સાથે પણ કામ લેવું પડશે.

અર્થકારણની બાબતોમાં વિનિમયનું અને ઉત્પાદનનું સાધન શોધી કાઢવું તે સરળ છે. પ્રાથમિક જમાનામાં લોકો એક વસ્તુ આપીને બદલામાં બીજી વસ્તુ લેતા હતા. તેના કરતાં આપણે વિનિમયને વધારે સરળ બનાવી શકીએ. સિદ્ધાંતની દૃષ્ટિએ પ્રાચીન સમયની વિનિમય પદ્ધતિ સર્વત્ર લાગુ પાડી શકાય. જીવનના સરળીકરણ માટે તે અનિવાર્ય છે. પણ માનવ પ્રકૃતિમાં તેથી વિરુદ્ધનું જ બનતું હોય છે ! ત્યાં પરિસ્થિતિ લગભગ અસહ્ય બની ગઈ છે. બીજા દેશો સાથે જરા પણ સંબંધ રાખવો એ લગભગ અશક્ય બની ગયું છે. જેને વિશે ખૂબ બડાશો  મારવામાં આવી હતી તે વિનિમયનાં સાધનો સરળીકરણ કરવાને બદલે ખૂબ જટિલ બની ગયાં છે, કદાચ તેમાં વ્યવહારબંધી નજીકના ભાવિમાં થાય તેવો સંભવ છે. પછી આપણે કાંઈ ન કરી શકીએ. જો માણસને બીજા દેશમાંથી એક નાનામાં નાની વસ્તુ મંગાવવી હોય તો તેને ખૂબ ગૂંચવાડાભરેલી અને પરિશ્રમયુક્ત પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડતું હોય છે. પરિણામે કદાચ તે માણસને પોતાના નાનકડા ખૂણામાં જ રહેવું પડે, પોતાના ખેતરમાં ઉગાડેલા બટાકાથી જ સંતોષ માનવો પડે; બીજા દેશોમાં શું બની રહ્યું છે તે જાણવાની આશા તેણે છોડી દેવી પડે.

આ બે વસ્તુઓ : રાજકારણ અને અર્થકારણ ખૂબ પ્રતિરોધક છે. માનવ ચેતનામાં આ બે વસ્તુઓ અજ્ઞાનનાં, અચેતનતાનાં, અસદ્‌ભાવનાનાં બળોને પરાધીન છે. આ બે સત્ય પ્રત્યેની પ્રગતિનો, આગેકૂચનો ખૂબ-ખૂબ વિરોધ કરતી હોય છે. કમનસીબે, દરેક માનવ વ્યક્તિમાં પણ એ બે વસ્તુઓ જ વિરોધ કરતી હોય છે, જે વસ્તુઓ મૂર્ખાઈભરેલી છે અને જે પરિચિત



સર્વ સંપતિના માલિક પ્રભુ છે, પ્રભુ એ સંપત્તિ સજીવ માનવીઓને થોડા સમય માટે આપે છે. સ્વાભાવિક રીતે જ, માનવોએ  એ સંપત્તિ પ્રભુને પાછી આપવી જોઈએ.

ચૈતસિક પ્રભાવ હેઠળની સંપત્તિ : જે સંપત્તિ એના મૂળ માલિક પ્રભુ પાસે પાછી ફરવા તૈયાર થાય.

એક દિવસ એવો આવશે જ્યારે આ જગતની સર્વ સંપત્તિ છેવટે પ્રભુવિરોધી બળોની ગુલામીમાંથી મુક્ત થઈને સાહજિક રીતે સંપૂર્ણપણે પૃથ્વી ઉપરના પ્રભુના કાર્યની સેવામાં અર્પિત થઈ જશે.

**(CWM 15, 48-49)**

વસ્તુઓને સમજવાનો ઇન્કાર કરતી હોય છે. આ વસ્તુઓને લઈ તેમનું રૂપાંતર કરવું એ એક વીરતાભર્યું કાર્ય છે, આપણે તે માટે પણ પ્રયત્ન કરીએ છીએ. તે સિદ્ધ ન થાય ત્યાં સુધી પૃથ્વીની પરિસ્થિતિમાં પરિવર્તન આવવું તે અશકય છે.

### જરૂરી કૂદકો

સામાજિક અને અર્થકારણી સ્થિતિઓને બદલવી તે રાજકારણી નાણાંકીય સ્થિતિઓને બદલવા કરતાં વધારે સહેલું છે. અર્થકારણી અને સામાજિક દૃષ્ટિબિંદુથી જોતાં, અમુક સામાન્ય વિશ્વવ્યાપી વિચારો છે જેમની પાસે માનવવિચાર જઈ શકે તેમ છે. અમુક મુક્તિઓ, અમુક વિશાળતા, અમુક સામૂહિક સંગઠન, કે જે તદ્દન અર્થહીન અને સિદ્ધ ન થઈ શકે તેવાં નથી દેખાતાં. પણ જ્યારે તમે બીજા બે મહત્ત્વના પ્રશ્નોને સ્પર્શ કરો છો, ખાસ કરીને રાજકારણી પ્રશ્નને, ત્યારે સ્થિતિ તદ્દન જુદા જ પ્રકારની લાગે છે. નાણાંકીય ગૂંચવણો વગરના જીવનની કલ્પના થઈ શકે છે. જો કે તે સાચી દરિદ્રતા હશે. નાણાંકીય શક્યતાઓ અને પ્રક્રિયાઓ જે વસ્તુ લાવે છે તેમાં શક્યતાઓની ખૂબ સમૃદ્ધિ છે, કારણ કે જો તેમનો સાચી રીતે ઉપયોગ કરવામાં આવે, સાચી ભાવનાપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો ખૂબ પ્રમાણમાં બધા માનવીય સંબંધો અને કાર્યો સરળ બની જાય અને જીવનની એવી એક જટિલતાને શક્ય બનાવે કે જે બીજી પરિસ્થિતિઓમાં ખૂબ કઠિન બની જાય. પણ મને સમજાતું નથી, સિવાય કે શ્રેષ્ઠ ઘટના પહેલાં કનિષ્ઠ ઘટના બનતી હોય છે, કે સરળીકરણનો માર્ગ અપનાવવાને બદલે માણસો જટિલીકરણનો માર્ગ શા માટે પસંદ કરતા હોય છે, અને તે પણ એટલી હદ સુધી કે વિમાનો તમને બે દિવસમાં જગતના એક ખૂણેથી બીજે છેડે લઈ જઈ શકે છે. આધુનિક સંશોધનોએ જીવનને એટલું બધું નાનકડું અને નજીકનું બનાવી દીધું છે કે ૮૦ દિવસને બદલે અત્યારે આપણે થોડા જ દિવસોમાં પૃથ્વીની પરિક્રમા કરી શકીએ; અને છતાં પણ દા.ત. વિનિમયના ગૂંચવાડાઓ એટલા બધા મોટા છે કે માણસો પોતાને ઘેરથી બીજે જઈ શકતા નથી, પોતાના દેશમાંથી બહાર જઈ શકતા નથી, કારણ કે તેમની પાસે બીજા દેશમાં જવા માટે ત્યાંનાં ચલણી નાણાં નથી હોતાં. જો તેઓ તે નાણાંની માગણી કરે, તો તેમને પૂછવામાં આવે છે કે, ''તમારે તે દેશમાં જવું એ શું ખૂબ મહત્ત્વનું છે ? તમે થોડોક સમય રાહ જુઓ, કારણ કે અત્યારે અમે તે નાણાં તમને આપી શકીએ તેમ નથી.'' હું મશ્કરી નથી કરતી, આ હું ગંભીરતાપૂર્વક કહી રહી છું, આવું બનતું હોય છે. તેનો અર્થ એ થયો કે આપણે આપણા જન્મસ્થાનમાં કેદી બનતાં જઈએ છીએ, જ્યારે સર્વ વૈજ્ઞાનિક સંશોધનો દેશો વચ્ચે એટલી બધી નિકટતા લાવી રહ્યાં છે કે આપણે બહુ સહેલાઈથી વિશ્વના, કમથી કમ સમગ્ર જગતના રહેવાસી બની શકીએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૧૬૦-૬૨)

### પૈસો એ સામૂહિક સંપત્તિ છે.

પૈસો એ વ્યક્તિગત નહિ પણ સામૂહિક સંપત્તિ છે અને એનો ઉપયોગ જે લોકો પાસે પૂર્ણ

અને સર્વ સામાન્ય વૈશ્વિક દર્શન હોય તેમણે જ કરવો જોઈએ. અને મને ઉમેરવા દો કે એ દર્શન માત્ર પૂર્ણ અને સર્વસામાન્ય જ નહિ; પરંતુ સનાતન સત્ય પણ હોય....

મને હજુ યાદ છે કે થેંઓ કહેતા હતા (થેંઓ માનવકલ્યાણવાદની વિરુદ્ધ હતા) 'માનવકલ્યાણવાદ માનવ દુઃખોને ચિરસ્થાયી બનાવે છે. કારણ માનવ દુઃખ વગર એના અસ્તિત્વનું કારણ જ રહેતું નથી.' અને તમે પેલા મહાન માનવકલ્યાણવાદી વિશે જાણતા જ હશો. મેઝેરિનના સમયમાં એ થઈ ગયા... જેમણે 'Little Sisters of Charity' ની સ્થાપના કરી હતી, વિનસન્ટ ડે પૉલ.

એક વખત મેઝેરિને તેમને જણાવ્યું હતું :

**'તમે ગરીબોની સારસંભાળ લેવાનું શરૂ કર્યું તે અગાઉ કદાપિ આટલા બધા ગરીબો હતા જ નહિ !'** (The Mother : Conversations with disciple, April 10, 1968)

## ઑરોવિલમાં રોકડા વગરનું અર્થતંત્ર[૧]

.... પૈસા હતા નહિ : શહેરની દીવાલોની અંદર પૈસા ન હતા; વિવિધ પ્રવેશદ્વારો ઉપર લોકો માટે બેંકો અને પૈસાની લેવડદેવડ માટેનું ટેબલ રહેતું, જ્યાં એ લોકો પોતાના પૈસા જમા કરાવી દેતા અને એના બદલામાં ટિકિટો મેળવી લેતા અને જેના વડે તેઓ પોતાના ખોરાક, રહેવા માટેની સગવડ તેમ જ આ કે તે સગવડ મેળવી લેતા હતા. પણ પૈસાનું ચલણ ન હતું. અને ઑરોવિલની અંદર કશું જ નહિ, કોઈની પણ પાસે પૈસા હતા નહિ – ટિકિટો માત્ર મુલાકાતીઓ માટે હતી, જે લોકો પરવાનગી મેળવીને ઑરોવિલમાં પ્રવેશતા હતા. એ એક વિલક્ષણ વ્યવસ્થાતંત્ર હતું. પૈસા નહિ, મારે પૈસા જોઈતા નથી !

જૂન ૨૩, ૧૯૬૫

## સામૂહિક ભાગીદારી, પરંતુ કરવેરા નહિ

'ત્યાં જે લોકો રહે છે તે આ જીવનમાં ભાગ લેશે અને વિકાસમાં ભાગીદાર થશે.'

.... તેમની ક્ષમતાઓ અને તેમનાં સાધનોના પ્રમાણમાં, યંત્રવત્ રીતે નહિ. 'એક એકમના આટલા' એવું નહિ. આ છે મુદ્દો. એ કોઈ જીવંત અને સાચી વસ્તુ હોવી જોઈએ, યંત્રવત નહિ. અને 'તેમની ક્ષમતાઓ અનુસાર'....

'કરવેરા નહિ હોય; પરંતુ પ્રત્યેક વ્યક્તિ, કાર્ય, પૈસો અને પેદાશરૂપે સામૂહિક આબાદી માટે પોતાનો હિસ્સો નોંધાવશે.'

તો એટલું તો સ્પષ્ટ છે કે કોઈપણ પ્રકારના કરવેરા હશે નહિ. પરંતુ સર્વ કોઈ પોતાના કાર્ય દ્વારા, પૈસા વડે કે વિનિમય દ્વારા સામૂહિક આબાદીમાં પોતાનો ફાળો નોંધાવશે. જેમની પાસે પૈસા સિવાય અન્ય કોઈ વસ્તુ હોય નહિ તેઓ જ માત્ર પૈસા આપશે. પરંતુ સત્ય એ છે કે

---

(૧) શ્રી માતાજી અહીં ઑરોવિલ વિશેના પોતાના દર્શનની વાત કરે છે.

'work' કાર્ય, એ આંતરિક કાર્ય પણ હોઈ શકે છે. (પણ એવું કહી શકાય નહિ, કારણ લોકો પૂરતા પ્રામાણિક હોતા નથી.) કાર્ય, તે ગૂઢ કાર્ય પણ હોઈ શકે, સંપૂર્ણતયા આંતરિક કર્મ. અલબત્ત, કાર્ય પૂરેપૂરું આંતર કાર્ય હોય એને માટે એમાં પૂરેપૂરી નિષ્ઠા અને સત્ય હોય તેમ જ ક્ષમતા સહિતનું કાર્ય હોવું જોઈએ અને એ ભૌતિક કાર્ય જ હોય એ જરૂરી નથી.

(The Mother : Conversations with a disciple December 30, 1967)

## નૂતન પ્રથાનાં બીજ

વસ્તુઓના મૂલ્યમાં થતો રહેતો વધારો એ જ મુશ્કેલી છે. તમે સમજો છો, એને માટે એકદમ વિશાળ દૃષ્ટિકોણ જરૂરી છે. પૈસાની સગવડતા એ હતી કે તે આપમેળે ચાલતું યંત્ર હતું... પરંતુ આ નવી પ્રથા એકદમ યંત્રવત્, આપમેળે ચાલતી વ્યવસ્થા બની શકે એમ નથી. એટલે... વિચાર એવો છે કે જે લોકો ઑરોવિલમાં રહેશે તેમની પાસે પૈસા હશે નહિ.... પૈસાનો વ્યવહાર હશે નહિ — પરંતુ જમવા માટે, દાખલા તરીકે, પ્રત્યેકને જમવાનો અધિકાર રહેશે, સ્વાભાવિક રીતે, પરંતુ.... એકદમ વ્યવહારુ રીતે જોતાં આપણે પ્રત્યેક પ્રકારના ખોરાક, — પ્રત્યેક વ્યક્તિની જરૂરિયાત અને એમના સ્વાદ અનુસાર — ની શક્યતાની કલ્પના કરી હતી. દા.ત. શાકાહારી ભોજન, બિન-શાકાહારી, વગેરે.... અને જે લોકો ત્યાંથી ખોરાક મેળવવા માગતા હોય તેમણે એના બદલામાં કંઈક કરવું જોઈએ...કાર્ય... અથવા... અલબત્ત, આ અમલમાં મૂકવું અઘરું છે, એકદમ વ્યવહારુ રીતે અમલમાં મૂકવું.... તમે જુઓ, આ શહેર (ઑરોવિલ)ની જરૂરિયાત માટે મોટા પાયા પર ખેતી કરવા માટે બહુ બધી જમીન ખરીદવાની યોજના તૈયાર કરી હતી. પરંતુ એ જમીનને ખેતીલાયક બનાવવા માટે હાલ અમને પૈસાની જરૂર છે, અથવા તો એને માટેના સાધનોની જરૂર છે. એટલે... હવે મારે સમગ્ર પ્રશ્નનો એની વિગતો સહિત સામનો કરવાનો રહે છે.

અમુક લોકો છે જે સમજુ છે.

અમારો વિચાર છે કે ઑરોવિલમાં કોઈ જકાત કે કરવેરા નહિ હોય. ઑરોવિલમાં નિવાસ કરનારાઓ પાસે પોતાની કોઈ સંપત્તિ પણ નહિ હોય. આ બધી યોજનાઓ કાગળ ઉપર બહુ સારી લાગે છે; પરંતુ એને અમલમાં મૂકવાનો પ્રશ્ન થાય ત્યારે....

પ્રશ્ન હંમેશાં એ જ રહે છે : જેમને જવાબદારી સોંપવામાં આવે તે લોકો વૈશ્વિક ચેતનાવાળા લોકો હોવા જોઈએ... નહિ તો પછી... જ્યાં વ્યક્તિગત ચેતના હોય છે.... એનો અર્થ એ કે તે વ્યક્તિમાં શાસન, નિયમન કરવાની ક્ષમતા હોતી નથી — આપણે જોઈ શકીએ છીએ કે સરકારો કેવી હોય છે. એ ભયંકર હોય છે.

(The Mother : Conversations with a disciple, March 25, 1970)

# ત્રણ વસ્તુઓ,
# જેની સામે સાવધાન રહેવાનું છે

*આ બધી અહંકેન્દ્રી પ્રતિક્રિયાઓ ન હોત તો વસ્તુઓ સરળ અને સહેલી બની રહે : મહત્ત્વાકાંક્ષાની પ્રતિક્રિયાઓ, પોતાને વિશેના સારા મતની પ્રતિક્રિયાઓ, જાતને છેતરવાની ટેવની તો વાત જ આપણે નથી કરતા : આ જ્યારે આવે છે... (ઘાલમેલસૂચક સંકેત). હા, આ ત્રણ વસ્તુઓ : મહત્ત્વાકાંક્ષા, દેખાવો કરવાની જરૂરિયાત સહિતની મહત્ત્વાકાંક્ષા, વર્ચસ્વ સ્થાપવું, પોતાને વિશેનો સારો મત, મિથ્યાભિમાન (તમારા યોગ્ય મૂલ્ય અનુસાર તમારું મૂલ્યાંકન ન થાય ત્યારે દુઃખી થવું.) પછી તમે તમારું મગજ ગુમાવો છો, તમે ઝગડો કરો છો, ઘર્ષણ થાય છે, કટુતા અનુભવાય છે. અને છેલ્લે પૈસાની લાલસા, લોભ, સ્વામિત્વની ભાવના, અતિકામના : તમે પ્રસંગનો મહત્તમ લાભ ઉઠાવવા માગો છો. 'મારે ફાયદો ઉઠાવવો છે, મારે ફાયદો ઉઠાવવો છે...' આ ત્રણ વસ્તુઓ હોય ત્યાં સર્વ કંઈ ડહોળાઈ જતું હોય છે.*

**(The Mother : Conversations with a disciple, February 14, 1968)**

# પૈસાનું રાજ્ય એના અંત પ્રતિ જઈ રહ્યું છે

*આપણે જેને પૈસાનું રાજ્ય કહીએ છીએ તે એના અંત પ્રતિ જઈ રહ્યું છે.*

*પરંતુ જગતમાં અત્યાર સુધી જે વ્યવસ્થા અસ્તિત્વમાં રહી છે અને જે નવી વ્યવસ્થા આવવાની છે (દા.ત. સો વર્ષમાં) એ બે વચ્ચેનો સંક્રાતિકાળનો સમયગાળો ખૂબ જ મુશ્કેલ બની રહેવાનો છે એ ખૂબ મુશ્કેલ છે.....*

**(The Mother : Conversations with a disciple, March 25, 1970)**



લક્ષ્મી પ્રત્યે, તેનાથી પ્રાપ્ત થતાં સાધનો અને પદાર્થો પ્રત્યે તમારે ત્યાગવૃત્તિમાંથી જન્મતી ઘૃણાપૂર્વક પીઠ ફેરવવાની નથી, અથવા તો, તેમના પ્રત્યે રાજસિક આસક્તિ પણ રાખવાની નથી, કે પછી, એમના સંતોષમાં ગુલામી લાવનાર આત્મ-લાલનની વૃત્તિ પણ તમારે સેવવાની નથી. ધન એ મા ભગવતીને ખાતર આસુરી શક્તિઓ પાસેથી પાછી જીતી લેવાની તથા એની સેવામાં ધરવાની માત્ર એક શક્તિ છે એવી મનોવૃત્તિ તેના પ્રત્યે રાખો.

સકલ લક્ષ્મી પ્રભુની છે અને જેઓ તેને રાખી રહ્યા છે તેઓ તેના વાલી છે, માલિક નથી. આજે તે તેમની પાસે છે, કાલે તે કોઈ બીજે સ્થળે જઈ શકે છે. જેટલો સમય તે તેમની પાસે છે તે દરમિયાન તેઓ તેનું વાલીપણું કેવી રીતે અદા કરે છે, ન્યાયનો કેવો વહીવટ કરે છે, કેવા ભાવથી, કેવી ચેતનાપૂર્વક, કેવા હેતુઓ માટે તેનો ઉપયોગ કરે છે તેના ઉપર સઘળો આધાર છે.

**શ્રી અરવિન્દ**

**(CWSA 32 : 10)**

# પૈસાની શક્તિનો ઉપયોગ

### પૈસો ચલણમાં રહેવો જોઈએ

પૈસા એના છે જે પૈસા વાપરે છે, આ એક સંપૂર્ણ નિયમ છે. તમે પૈસાનો ઢગલો કરો પરંતુ તમે જ્યાં સુધી એ પૈસા વાપરો નહિ ત્યાં સુધી એ પૈસા તમારા બનતા નથી. પછી એ પૈસા વાપરવાની પાત્રતા, ગર્વ, સંતોષ અને એનો આનંદ તમને પ્રાપ્ત થાય છે !

પૈસા ચલણમાં રહે એ એનો હેતુ છે. પૃથ્વી ઉપર ઉત્પાદનમાં સતત વધારો થતો રહે એ માટેની વર્ધમાન હિલચાલ બની રહેવી જોઈએ. અને એ રીતે પૃથ્વી પરની પરિસ્થિતિમાં સુધારો કરવો. પાર્થિવ જીવનમાં ભૌતિક કક્ષાએ સુધાર અને પૃથ્વી પર ઉત્પાદનમાં વધારો આ બે વસ્તુઓ વિસ્તરતી જવી જોઈએ....

પૈસાનો ઉપયોગ પૈસા કમાવા માટે નથી, પૈસાથી ઉત્પાદનમાં વધારો થવો જોઈએ, જીવનની પરિસ્થિતિઓમાં સુધાર આવવો જોઈએ. અલબત્ત, માનવ ચેતનામાં પ્રગતિ પણ થવી જોઈએ. આ છે પૈસાનો સાચો ઉપયોગ. ચેતનામાં સુધાર, ચેતનામાં પ્રગતિ દ્વારા મને જે અભિપ્રેત છે તે છે : સર્વ કંઈ, જે શિક્ષણ એનાં સર્વ રૂપોમાં આપણને શીખવે છે — સામાન્યતઃ શિક્ષણને જે રીતે સમજવામાં આવે છે એ શિક્ષણ નહિ — અહીં શિક્ષણ દ્વારા આપણે જે સમજીએ છીએ તે રીતનું શિક્ષણ. કળામાં શિક્ષણ....

### સાધનો, ધ્યેય નહિ

પરંતુ પૈસાનો ઉપયોગ આ રીતે કરવાનો છે એવું કેટલા લોકો જાણે છે ? બહુ થોડા. અને એટલે જ એ લોકોને શીખવાડવાનું છે. 'શીખવાડવાનું' એટલે દર્શાવવાનું, ઉદાહરણ પૂરું પાડવાનું. સાચી રીતે જીવન કેવી રીતે જીવવું એનું ઉદાહરણ આપણે જગતમાં બની રહેવાનું છે. સમગ્ર આર્થિક જગત માટે હું આ પડકાર રજૂ કરું છું : હું એ લોકોને જણાવું છું કે તેમની મૂરખ વ્યવસ્થા પદ્ધતિ વડે પૃથ્વીને ચિમળાવી નાખવાની, એનો વિનાશ કરી દેવાની પ્રક્રિયામાં તેઓ છે....

એમની પાસે જે સાધનો ઉપલબ્ધ છે તેનાથી... ઓહ ! તેઓ પૃથ્વીને આટલી ઝડપથી રૂપાંતરિત કરી શકે !

એને રૂપાંતરિત કરી દો, એને અતિમાનસ શક્તિઓના સંપર્કમાં, સાચે જ એના સંપર્કમાં મૂકી દો. એનાથી જીવન સુંદર બની જશે. અને અલબત્ત પૃથ્વી ચિમળાઈ જવાને બદલે સતત તાજગીસભર થતી રહેશે.

(The Mother : Conversations with a disciple October 4, 1958)

### કાળુ નાણુ શાંતિ હરી લે છે અને મંદવાડ લઈ આવે છે

(શ્રી માતાજી હસે છે) તમને ખબર છે, એવા ઘણા લોકો છે જે પૈસાને દીવાલોમાં રાખી

મૂકે છે (પડદા પાછળ કે કાગળ વડે એને ઢાંકી રાખે છે.) આ છે દૈવ, કેટલા કરોડો રૂપિયા ભીંતોમાં છુપાવેલા છે ! અને પછી પોતે માંદા છે એની એવા લોકો ચિંતા સેવે છે, સતત એમને છાપો પડવાનો ભય સતાવતો રહે છે. અને જો એ લોકો તે રૂપિયા અન્યને આપી દે તો પોતે સન્માનનીય વ્યક્તિ બની રહી શકે. પછી એમને ડર રહેશે નહિ. પછી તેઓ શાંતિપૂર્ણ જીવન જીવી શકશે....

અને જરા રસદાયક વાત તો એ છે કે (અત્યાર સુધી એમાં કોઈ અપવાદ થયો નથી) એવા સર્વ લોકો જેમની પાસે તક હતી કે તેઓ મને પૈસા આપી શકે પરંતુ એ લોકો એમ કરવા માગતા ન હતા — અને તે આપવા માગતા ન હતા. કારણ કે તે લોકો પોતાના પૈસા સાથે આસક્ત હતા — તેમણે એ પૈસા ગુમાવી દીધા હતા. સરકારે એમની પાસેથી એ પૈસા લઈ લીધા હતા. અથવા આર્થિક આપત્તિ કે ઔદ્યોગિક આપત્તિને લીધે તેમણે એ પૈસા ગુમાવી દીધા હતા. અથવા તો પછી એમના એ પૈસા ચોરાઈ ગયા હતા.

(The Mother : Conversations with a disciple September 7, 1966)

## પૈસો કાર્ય કરવા માટે છે, એના ઉપર કબજો જમાવવા નહિ

સંઘર્ષ આપણે જેમને 'એકબીજાના વિરોધી માલિકો' કહી શકીએ તેમની વચ્ચે હોય છે. અને સત્ય એ છે કે પૈસો કોઈની માલિકીનો નથી. પૈસા ઉપર માલિકીભાવના આ વિચારે જ સર્વ કંઈ વિકૃત કરી નાખ્યું છે. પૈસા ઉપર માલિકીભાવ નહિ ધરાવવાનો. એ છે કાર્ય કરવા માટેનું સાધન, જે તમને સત્તા માફક આપવામાં આવે છે. અને તમારે એનો ઉપયોગ કરવાનો છે.... 'દાતાના સંકલ્પ મુજબ', બિનઅંગતપણે અને દૂરદષ્ટિ સહિત. પૈસાના પ્રસાર તેમ જ તેના ઉપયોગના કાર્યમાં તમે જો સારું કરણ બની રહો તો પછી પૈસો તમારી પાસે આવશે અને યોગ્ય રીતે એને વાપરવાની તમારી ક્ષમતાના પ્રમાણમાં પૈસો તમારી પાસે આવશે...

આ બાબતમાં સાચું વલણ છે : પૃથ્વી ઉપર કાર્ય કરવા માટે પૈસો વૈશ્વિક શક્તિ છે. પૃથ્વીને તૈયાર કરવાનું કાર્ય, જેથી પૃથ્વી દિવ્ય શક્તિઓને ગ્રહણ કરી એનો આવિર્ભાવ કરી શકે. અને પૈસો એવા લોકોના હાથમાં આવવો જોઈએ જેમની પાસે એકદમ સ્પષ્ટ દર્શન છે, એકદમ સર્વ સાધારણ અને સાચામાં સાચું દર્શન.

આ વલણ કેળવવામાં સૌ પ્રથમ વસ્તુ, શરૂઆતમાં કરવાની વસ્તુ (પ્રાથમિક ક્રિયા) તે એ કે માલિકીભાવ રાખવો નહિ. — 'આ મારો પૈસો છે.' એનો અર્થ શું ? એ શું છે ? હું તો આ વાત હવે સમજી જ શકતી નથી. લોકો પૈસો એમનો હોય એવું ઇચ્છે છે શા માટે ? પોતાની ઇચ્છા મુજબ એનો ઉપયોગ કરવા માટે ? પોતાના વિચાર મુજબ એનો ઉપયોગ કરી શકાય એટલા માટે ? એવા લોકો પણ છે, જેમને પૈસાનો સંગ્રહ કરવાનું ગમતું હોય છે. એ લોકો ઢગલે ઢગલા કરવામાં આનંદ મેળવે છે.....

## સંગ્રહ કરવો અને ખર્ચ કરવો

સર્વે ખોટી હિલચાલો પૂઠળે એક સાચી હિલચાલ હોય છે. વસ્તુઓનું નિદર્શન કરવું, એનો

ઉપયોગ કરવો અને વ્યવસ્થા એવી રીતે કરવી કે બગાડ ઓછામાં ઓછો થાય અને પરિણામ વધુમાં વધુ મેળવવું અને એમ કરવામાં આનંદ પ્રાપ્ત કરવો. અને એવા લોકોમાં આ સાચું વલણ રહેતું હશે જેઓ ઉપયોગ કરવાની ક્ષમતાનો ખૂબ મોટા પાયા પર સંચય કરવા માગતા હોય છે.

કાગળના (નોટો) ઢગલા પેટીમાં કે દીવાલમાં મૂકી રાખવામાં લોકોને શું આનંદ મળતો હશે તે તમે મને જણાવશો ?

એવી વ્યક્તિને સાચો આનંદ મળી શકે નહિ. કંજૂસ પોતાનો પટારો ખોલીને એમાં પુરાયેલી સંપત્તિને જોઈને જે આનંદ મેળવતો હોય છે અને આટલું પૂરતું નથી એમ મનમાં બોલતો હોય છે તે એની આનંદની પરાકાષ્ઠા હોય છે ! અમુક લોકો પ્રેમપૂર્વક પૈસાનો ખર્ચ કરતા હોય છે. એ લોકો માલિકીભાવ પણ ધરાવતા હોય છે અને ખર્ચ કરવામાં પણ આનંદ અનુભવતા હોય છે. એવા લોકો અલગ હોય છે, ઉદાર પ્રકૃતિવાળા. અલબત્ત એ લોકો અનિયંત્રિત, અવ્યવસ્થિત હોય છે... પરંતુ સર્વે સાચી આવશ્યકતાઓને પૂરી કરવાનો આનંદ, બધી જરૂરિયાતો પોતાને અભિવ્યક્ત કરે એ સારી વસ્તુ છે. એ છે મંદવાડને સારા આરોગ્યમાં ફેરવી નાખવા સમાન, જૂઠાણાને સત્યમાં ફેરવી નાખવાના આનંદ સમાન હોય છે.... અને હું જાણું છું કે વ્યક્તિ પોતે આ બધા માટે વહન કરવાનું કરણ બનવાનું તથા જ્યાં જરૂર હોય ત્યાં પૈસા લઈ આવવાનું કરણ બનવામાં આનંદ અનુભવતી હોય છે...

સંગ્રહ કરવાની અને ખર્ચ કરાવાની જરૂરિયાત (બંને અજ્ઞાન અને અંધ)નો સંયોગ થાય તો દર્શન સ્પષ્ટ થાય અને એનો વિનિયોગ શક્ય એટલો ઉપયોગી બની રહે. એ સાચી વસ્તુ છે...

(The Mother : Conversations with a disciple April 10, 1968)

### ઉદારતા

મનુષ્યમાં રહેલા સર્વે ગુણો, તેની પાછળ રહેલા સત્યની વિકૃતિરૂપ હોય છે. તમે જેને ગુણો કહો છો કે અવગુણો કહો છો, તે સર્વ કાંઈ તેમની પાછળ રહેલી કોઈ વસ્તુની વિકૃતિ હોય છે અને તે એ બંનેમાંથી એકેય ન હોઈને કોઈ જુદી જ વસ્તુ હોય છે. પરંતુ વધારામાં, હું ઉદારતાની પાછળ મળી આવતા સત્યની વાત કરું છું — એ છે શક્તિઓના વિસ્તાર. પરંતુ આ શક્તિઓનો વિસ્તાર થઈ શકે તે માટે, સૌ પ્રથમ તો તેમની એકાગ્રતા થવી જોઈએ. એટલે એમાં પછી એક ધબકારાની ગતિ આવે છે : શક્તિઓ એકાગ્ર થાય છે, પછી પ્રસરે છે; વળી પાછી એકાગ્ર થાય છે અને વળી પાછી પ્રસરે છે.... પરંતુ કશી પણ એકાગ્રતા કર્યા વિના તમારે પ્રસાર કરવો હશે તો અમુક સમય પછી તમારી પાસે પ્રસાર કરવા માટે કશું પણ નહિ રહે. શક્તિઓની બાબતમાં — બધી જ રીતની શક્તિઓ બાબતમાં — એવું જ છે, આ ઉપરાંત મેં લખેલું છે (અથવા કોઈ વાર લખીશ) કે ધન એ પણ એક શક્તિ છે, બીજું કાંઈ નહિ. એટલા માટે જ તેના ઉપર વ્યક્તિગત માલિકી સ્થાપવાનો કોઈને અધિકાર નથી, કારણ કે એ પણ પ્રકૃતિની અને વિશ્વની અન્ય શક્તિઓ જેવી એક શક્તિ જ છે. તમે પ્રકાશરૂપી શક્તિનો દાખલો લો. તમને કદી પણ એવું કહેવાનો વિચાર નહિ આવે કે 'આ પ્રકાશ મારો છે' અને

તમે કદી એને તમારા રૂમમાં પૂરી રાખીને બીજા કોઈને એ મળે નહિ એવું નહિ માગો ! જ્યારે, પૈસાની બાબતમાં ઘણા લોકો મોહમૂઢ થઈ જાય છે અને એવી કલ્પના કરવા લાગે છે કે એ કોઈ વસ્તુ છે જેને તેઓ પકડી રાખી શકે છે, જાણે કે એ પોતાની માલિકીની ચીજ હોય અને એમાંથી તેઓ કોઈ વ્યક્તિગત વસ્તુ બનાવી શકે તેમ હોય. બરાબર એમ જ હોય છે. હું ધનનો ઉલ્લેખ સ્વાભાવિક રીતે કોઈ કાગળ તરીકે નથી કરતી. કારણ કે એમાં તો તમે કોઈ ફાનસમાં દીવો પ્રગટાવો ત્યારે એ ફાનસ તમારું હોય તેથી તમે એમ કહો કે 'આ પ્રકાશ મારો છે' એના જેવું થાય. પૈસા, તમારી નોટો, ચાંદીના ટુકડા, એ સર્વ તમારા પૈસા છે, પણ વસ્તુતઃ એ ધન નથી. પરંતુ એ બધા પાછળ રહેલી શક્તિ, જેનો તમે વિનિમય કરી શકો છો, તે વસ્તુ તે ધન છે. એ કોઈની માલિકીની વસ્તુ નથી, એ તો સૌ કોઈની છે. એ જ્યારે ફરતી રહે ત્યારે જ એ જીવંત રહે છે. જો તમે એનો ઢગલો કરવા માગતા હશો તો એમાં વિકૃતિ દાખલ થશે. એ તો જેમ તમે તમારા પાણીને કોઈ વાસણમાં બંધ કરી રાખવા માગતા હો તેના જેવું થશે; થોડા સમય પછી એ તદ્દન બેસ્વાદ બની જશે. પૈસાની બાબતમાં પણ એમ જ છે. લોકો હજી આ વસ્તુને  સમજી શક્યા નથી.

## પૈસા માટેનો લોભ

લોભ તો સૌ વસ્તુઓ માટે હોઈ શકે છે — આધ્યાત્મિક વસ્તુઓ બાબતમાં પણ લિપ્સા હોઈ શકે છે — કેટલાક લોકો એવા કંજૂસ હોય છે, જેઓ બધી જ શક્તિઓ પોતાની પાસે રાખવા ઇચ્છતા હોય છે અને કદી કોઈને આપવા માગતા નથી. પરંતુ એ વિષયનું સત્ય મેં તમને હમણાં જ કહ્યું : કોઈ વસ્તુને વહેંચવી હોય તો એને એકઠી કરવાની પણ તમારામાં શક્તિ હોવી જોઈએ. જો તમારામાં એ બેમાંથી કોઈ એક જ હોય તો એને લઈને અસમતુલા ઊભી થાય છે. આપણી પાસે એ બંને વસ્તુઓ સંતુલિત, છંદોમય ગતિમાં હોવી જોઈએ — એ સમતુલાની વાત આપણે હમણાં જ કરી. કારણ કે, હાલને માટે, સમતુલા એ જ સાચી વસ્તુ છે, તે સહેલાઈથી પુરવાર થઈ શકે છે; આપણે આ બાજુએ કે તે બાજુએ હોવાપણું ન હોવું જોઈએ, એને જ બુદ્ધે 'મધ્યમ માર્ગ' કહેલો છે. મધ્યમ માર્ગ એ સમતુલાનો માર્ગ છે — એટલે જાણે કે તમે કોઈ દોરડા ઉપર કોઈ વાંસડો પકડીને ચાલતા હો અને સમતુલા રાખતા હો, તેવી રીતે તમને તમારી સમતુલા જાળવી રાખતાં આવડવું જોઈએ.

પરંતુ દુનિયામાં કોઈ અત્યંત ઉદાર વ્યક્તિ પણ જો તેની પાસે આપવા માટે કશું જ ન હોય તો તે કાંઈ જ આપી શકતો નથી. માટે જ, જો એણે પોતાને માટે કોઈ સંચય નહિ કર્યો હોય તો કોઈ બીજી વ્યક્તિએ એને માટે કર્યો હશે, પરંતુ જો એના ખિસ્સામાં જ કંઈ નહિ હોય તો એ કશું પણ વહેંચી શકશે નહિ ! એ તો સ્પષ્ટ છે. અને વહેંચવાની શક્તિ જેટલી જ અગત્યની સંચય કરવાની શક્તિ છે. એ તો જ્યારે આ બંને વસ્તુઓ અહંકારવાળી બની જાય ત્યારે તેઓ વિકૃત, તદ્દન વિકૃત બની જાય છે અને તેમનું મૂલ્ય ગુમાવી બેસે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૮૬થી ૪૮૮)



''પ્રભુની પાસે આપવા માટે ઘણા રસ્તાઓ છે.''

આ સાચી વસ્તુ છે. માણસ ઉપર કોઈ પણ માણસનો ઉપકાર નથી. ફક્ત પ્રભુનો જ ઉપકાર હોય છે અને તે પણ સમગ્ર રીતે જો શરત વગર કોઈ ભેટ આપવામાં આવે તો તે ભેટનો માણસે પ્રભુ તરફથી મળેલી વસ્તુ તરીકે સ્વીકાર કરવો અને તેના બદલામાં અથવા પ્રત્યુત્તરરૂપે શેની જરૂર છે તેની સંભાળ પ્રભુને લેવા દો.

શ્રી માતાજી

(CWM 15 : 51)

## પૈસાનો બગાડ

એમાં ફક્ત પૈસાનો જ વ્યય નથી !

પૈસાને બદલે શક્તિ, હજારો ગણી ચેતના અનંત રીતે વધારે વેડફાય છે. જો કોઈ પ્રકારનો બગાડ ન હોય તો.... હું કહું છું, આશ્રમ અહીં હોઈ શકે જ નહિ ! એક પણ એવી સેકંડ નથી જ્યારે કોઈ બગાડ ન હોય — કેટલીક વખત તેનાથી પણ વધારે ખરાબ થાય છે, આ એક કુટેવ છે — ભાગ્યે જ સચેતન. હું ધારું છું — બને તેટલી શક્તિને એકત્રિત કરવી, પોતે કરી શકે એટલી ચેતના ગ્રહણ કરવી અને તેનો પોતાના અંગત સંતોષો ખાતર ઉપયોગ કરવો. આવું ખરેખર દરેક મિનિટે બને છે. જો બધી જ શક્તિ, બધી જ ચેતના જે તમારા બધા ઉપર વરસાવવામાં આવે છે, તેને સાચા હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે, એટલે કે પ્રભુના કાર્ય માટે, અને પ્રભુના કાર્ય માટે તૈયાર થવા માટે, તો આપણે માર્ગ ઉપર ક્યારનાય દૂર દૂર આપણે છીએ તેના કરતાં પણ વધારે દૂર પહોંચી ગયા હોત. પરંતુ દરેક ઓછા કે વત્તા સચેતન રીતે, અને દરેક વખતે સહજ રીતે પોતે ગ્રહણ કરી શકાય એટલી શક્તિ અને ચેતનાને ગ્રહણ કરે છે અને જ્યારે તેને આ શક્તિનો પોતાનામાં અનુભવ થાય છે કે તરત જ તે પોતાના અંગત હેતુઓ માટે, પોતાના, અંગત સંતોષ માટે તેનો ઉપયોગ કરે છે.

કોણ વિચારે છે કે આ બધું બલ જે અહીં છે, તે અનંતગણું મહાન છે, પૈસાની શક્તિઓ કરતાં અનંતગણું કીમતી છે. જે બલ અહીં છે અને જે સચેતન રીતે, સતત અને અનંત ધીરજ અને ખંતથી આપવામાં આવે છે અને ફક્ત એકમાત્ર હેતુ માટે, પ્રભુના કાર્યનો સાક્ષાત્કાર કરવા માટે — કોણ તેનો બગાડ ન કરવો એમ વિચારે છે ? કોણ એમ અનુભવે છે કે, એ પ્રગતિ કરવા માટેની તેમની પવિત્ર ફરજ છે, તેમને વધારે સમજવાની અને વધારે સારી રીતે જીવવાની તૈયારી માટે છે ? કારણ કે લોકો ફક્ત પ્રભુની શક્તિ વડે જ જીવે છે, તેઓ દિવ્ય ચેતના વડે જ જીવે છે અને તેઓ પોતાના અંગત સ્વાર્થી હેતુઓ માટે તેનો ઉપયોગ કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૧૫૧-૫૨)

*

*પ્રત્યેક માનવનો ભૌતિક અધિકાર છે, એ છે સાચો ભાગ... (પણ એ... અધિકાર નથી) વ્યવસ્થાતંત્ર એવું હોવું જોઈએ, એની ગોઠવણી એ રીતની હોવી જોઈએ કે પ્રત્યેક વ્યક્તિની ભૌતિક જરૂરિયાત પૂરી પાડવામાં આવે, અધિકાર અને સમતાના વિચાર મુજબ નહિ; પરંતુ એકદમ પ્રાથમિક એવી જરૂરિયાતોના સંદર્ભમાં. પછી, એક વખત આ પ્રકારની વ્યવસ્થા પ્રસ્થાપિત થઈ ગયા બાદ પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવનની વ્યવસ્થા નક્કી કરવા સ્વતંત્ર હોવી જોઈએ. અલબત્ત, એના આર્થિક સાધનો અનુસાર નહિ પરંતુ એની આંતર ક્ષમતાઓ અનુસાર.*

**(The Mother : Conversations with a disciple, March 25, 1970)**

# પૈસાની શક્તિ અને એની અસર

### પૈસો એ શક્તિ છે, જે ફરતી રહેવી જોઈએ

પ્રાણનાં બળોની ધન ઉપર ઘણી મહાન અસર હોય છે.

(મૌન પછી) તમે જાણો છો, જ્યારે કોઈ ધન વિશે વિચાર કરે છે ત્યારે વ્યક્તિ બેંકની નોટો અથવા સિક્કાઓ અથવા કોઈ પ્રકારનું ધન અથવા કીમતી વસ્તુઓ વિશે વિચારે છે. પરંતુ આ તો ફક્ત એક શક્તિ, જેનું પ્રાણ સંચાલન કરી શકે છે, તેની સ્થૂલ અભિવ્યક્તિ હોય છે અને તેના ઉપર જ્યારે સ્વામિત્વ અને કાબૂ આવે છે ત્યારે તે કુદરતી રીતે જ ધનની વધારે સ્થૂલ અભિવ્યક્તિઓ ઘસડી લાવે છે. અને આ એક પ્રકારની શક્તિ છે. (મૌન) તે શક્તિ કેટલાંક ખૂબ ભૌતિક આંદોલનોને આકર્ષે છે, જેનામાં પોતાના ઉપયોગ માટેની એક શક્તિ હોય છે, જે તેની તાકાત વધારે છે – તે શારીરિક કસરતના જેવું કાર્ય છે, તમે સમજ્યા – તે ઉપયોગ દ્વારા તેની તાકાતમાં વધારો કરે છે.

દાખલા તરીકે, જો આ શક્તિ ઉપર તમારો કાબૂ હોય – એ એક શક્તિ છે, જેને પ્રાણમય જગતમાં એક રંગ હોય છે, જે ઘેરો લાલ અને ઘેરો સોનેરી રંગ, જે પ્રકાશિત પણ હોતો નથી તેમ ફિક્કો પણ હોતો નથી, એ બે વચ્ચેનો હોય છે. સારુ, આ શક્તિને જ્યારે ગતિ આપવામાં આવે છે, જ્યારે તેને ચલણમાં મૂકવામાં આવે છે ત્યારે તેની વૃદ્ધિ થાય છે. તે એવી કોઈ વસ્તુ નથી જેનો માણસ સંગ્રહ કરી શકે અને ઉપયોગ વગરની તેને રાખી શકે. તે એક એવું બળ છે જેની હેરફેર કાયમ કરવી જ જોઈએ. દા.ત. જે લોકો કંજૂસ હોય છે અને ધન એકત્રિત કરે છે તેઓ ધનનું પોતાની તરફ આકર્ષણ કરે છે અને તે શક્તિને, તેની ગતિને ઉપયોગ કર્યા સિવાય એક બાજુએ મૂકી દે છે, અથવા તો તે છટકી જાય છે અથવા તો તે મૂઢ થઈને તેનું પોતાનું બળ ગુમાવી બેસે છે.

*

### ધનની શક્તિ વિકૃત વિશ્વની છે

ધનની શક્તિ વિશ્વની શક્તિ છે, જેનું વિકૃત રીતે સર્જન થયેલું. તે એવી વસ્તુ છે જે પ્રાણ જગતની છે : અને તેઓ (શ્રી અરવિન્દ) આ પ્રમાણે કહે છે, ખરું ને ? તેઓ કહે છે કે, તે પ્રાણ અને સ્થૂલ જગતોની માલિકીની છે. તેથી કરીને બધા જ સમયે કાયમ, તે આસુરિક બળોના કાબૂ નીચે હતી અને હવે જે કરવાનું છે તે સ્પષ્ટ છે કે આસુરી બળો પાસેથી તેને પાછી જીતી લાવવાની છે.

એટલા માટે જ ભૂતકાળમાં જેમને યોગ કરવાની ઇચ્છા હતી, અથવા સંયમ પાળવાનો હતો તેઓ એમ કહેતા કે માણસે પૈસાનો સ્પર્શ કરવો જોઈએ નહીં, કારણ કે એ એવી વસ્તુ

હતી – તેઓ કહેતા – જે ચંચળ છે, અથવા આસુરી છે અથવા દિવ્ય જીવનથી બિલકુલ ઊલટી છે. પરંતુ આખું વિશ્વ, તેના બધા જ આવિર્ભાવમાં દિવ્ય પ્રભુ પોતે જ છે અને તેથી તે પૂરેપૂરી પ્રભુની માલિકીની છે અને આ મુદ્દા ઉપર તેઓ કહે છે કે ધનની શક્તિઓ પ્રભુની માલિકીની છે. વ્યક્તિએ તેને ફરીથી જીતવી પડશે અને પ્રભુને અર્પણ કરવી પડશે. તે શક્તિઓ આસુરિક બળોની અસર નીચે છે; વ્યક્તિએ તેમને પાછી જીતી લાવવાની છે જેથી કરીને તે શક્તિઓને પ્રભુની પાસે હાજર કરી શકાય, જેથી પ્રભુ તેના રૂપાંતરના કાર્યમાં તેમનો ઉપયોગ કરી શકે.

*

## પૈસાનો શારીરિક આવિર્ભાવ એ માત્ર રૂઢિ છે

પણ આ વસ્તુ કેવળ રૂઢિગત છે. દા.ત. કેટલાક દેશો એવા છે જેમાં પૈસાને બદલે નાનાં છીપલાંઓનો ઉપયોગ થાય છે. એવા પણ દેશો છે જ્યાં... કોઈકે આ પ્રકારની વાર્તા લખેલી છે – ઉત્તરમાં, પૈસો એટલે માછલીઓ પકડવાના કાંટા, અને તે માણસ પૈસાદાર કહેવાય જેની પાસે સૌથી વધારે સંખ્યામાં માછલી પકડવાના કાંટા હોય. તમે જાણતા નથી, કે આ વસ્તુ કઈ છે – નાના વાળેલા લોખંડના ટુકડા, જેનાથી માછલીઓ પકડાય, જેને દોરીના છેડે બાંધેલા હોય. એટલે કે લક્ષાધિપતિ તેને કહેવાય જેની પાસે ખૂબ સંખ્યામાં હૂક હોય.

આ ફક્ત રૂઢિગત છે. તેની પાછળ હું જે બળની વાત કરું છું તે છે, તમે સમજ્યા ? અને તેથી તેનો અસંખ્ય રીતે આવિર્ભાવ થાય છે. દા.ત. સોનું પણ, તમે જાણો છો – માણસોએ સોનાની અમુક કિંમત આપી છે, કારણ કે બધી વસ્તુઓમાં તેનો ઓછામાં ઓછો બગાડ થાય છે. તે અનિશ્ચિત સમય સુધી સાચવી રખાય છે, અને આ જ કારણ છે બીજું નહીં. એની સાબિતી એ છે કે જ્યારે જ્યારે સોનાની ખાણ મળી આવે છે અને તેમાંથી સોનું કાઢવામાં આવે છે, ત્યારે ત્યારે સોનાની કિંમતમાં ઘટાડો થાય છે. આ બધો મનુષ્યનો વ્યવહાર છે. પણ જે શક્તિ ધન છે તે આ નથી, બળ તો તેની પાછળ રહેલું છે. થોડા સમય પહેલાં હું કહેતી હતી તેમ તે બળ એવું છે જે હરકોઈ વસ્તુને, બધી જ ભૌતિક વસ્તુઓને આકર્ષે છે અને....

અને આનો ઉપયોગ પ્રણાલી પ્રમાણે થાય છે. હવે એમ સમજાય છે કે કાગળના ટુકડાઓ જે ખૂબ ગંદા થઈ જાય છે તેઓ ધનનું પ્રતીક મનાય છે. તે બિલકુલ ઘૃણાસ્પદ છે અને ફક્ત અગ્નિ સળગાવવા માટે જ સારા લાગે છે. પણ તેને મહાન નસીબ ગણવામાં આવે છે. શા માટે ? કારણ કે એ રૂઢિ છે. અને તેમ છતાં વ્યક્તિ તેને આકર્ષી શકે છે. અને તેનો સારા માટે ઉપયોગ કરી શકે છે. જગતના સુખની વૃદ્ધિ માટે, જગતનાં સુખ અને સગવડ માટે, એટલે કે ધનની શક્તિ ઉપર તેનો કાબૂ હોય છે, એટલે કે ધનની પાછળ રહેલા બળની ઉપર.

*

## કાગળ ઉપર પૈસો

ફ્રેન્ચ ભાષામાં આપણે પૈસાને 'argent' કહીએ છીએ, 'argent' એક ધાતુનું નામ છે. તે થોડીક વધારે... વધારે સુંદર અને બીજી બધી ધાતુઓ કરતાં વધારે ટકાઉ છે. અને તેને ઓછો કાટ લાગે છે અને ઓછો બગાડ થાય છે, એટલે આને 'argent' (ધન) કહેવાય છે. અને પછી વૃદ્ધિ થવાથી, બધી જ વસ્તુઓ જેને ધન કહેવાય છે તે કાગળની નોટો હોય છે અથવા સોનું હોય છે, અથવા કેટલાંક લખાણો... કારણ કે ઘણી મોટી ધનની રકમ, સંખ્યામાં કાગળ ઉપર લખવામાં આવે છે, અને ફક્ત જે દૂરના કાગળો છે તે નહીં પણ ફક્ત પુસ્તિકાઓ ! એક મહાન હવા જગત ઉપર સ્વામિત્વ ધરાવે છે અને ફક્ત કાગળો ઉપર લખવામાં આવે છે તેની માફક, કેટલાક દસ્તાવેજો અને માણસો વચ્ચેના રૂઢિગત વ્યવહાર, ધન વધે અને ત્રણ ગણું, ચાર ગણું, દસ ગણું થાય અથવા તો બિલકુલ શૂન્ય થઈ જાય. તેઓ બધી વસ્તુઓ વેચે છે, તેઓ કપાસ વેચે છે, ખાંડ વેચે છે, અનાજ વેચે છે, કૉફી, ગમે તે વસ્તુ, પણ કોઈ વસ્તુ ત્યાં હોતી જ નથી. રૂ નથી, ખાંડ નથી, અનાજ નથી, કાંઈ નથી. દરેક વસ્તુ કાગળ ઉપર હોય છે ! અને તમે લાખો રૂપિયાનું રૂ ખરીદો અને રૂનું એક પૂમડું પણ ન હોય, બધું જ કાગળ ઉપર હોય અને તેથી થોડા સમય પછી, તમે ફરીથી તેને વેચી દો છો — જો રૂનો ભાવ વધ્યો હોય તો તમને ધન મળે છે, જો તેનો ભાવ નીચે ઊતરે તો તમે ધન ખોઈ બેસો છો અને તમારી પાસે પૈસા પણ નથી અથવા રૂ પણ નથી, અથવા કાંઈ પણ નથી, કાગળ સિવાય કાંઈ નહીં (હાસ્ય). આ ફક્ત રૂઢિ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૪૨-૨૪૬)

*

## આપણી પાસે વધુ પૈસા હોય તો આપણી પૈસાની જરૂરિયાત પણ વધુ હોય છે

હે મારા બાળક, માણસ પાસે જેમ જેમ વધારે પૈસા આવે છે, તેમ તેમ તે વધારે વિપત્તિની સ્થિતિમાં મૂકાય છે. હા, તે એક વિપત્તિ જ છે.

પૈસા હોવા એ એક મહાન સંકટ છે, તે તમને મૂર્ખ બનાવે છે, કંજૂસ બનાવે છે, દુષ્ટ બનાવે છે. પૈસા એ જગતમાં મોટામાં મોટી વિપત્તિઓમાંની એક છે. પૈસા એવી વસ્તુ છે કે જે માણસ પાસે, જ્યાં સુધી તે નિષ્કામ ન બને ત્યાં સુધી, ન હોવી જોઈએ, જ્યારે માણસમાં કોઈ કામનાઓ, આસક્તિઓ રહેતી નથી, જ્યારે તેની ચેતના પૃથ્વી જેટલી વિશાલ બને છે, ત્યારે પૃથ્વી પર જેટલું ધન છે તેટલું ધન ભલે તેની પાસે હોય; તેથી દરેક માણસને લાભ થશે. પણ જો માણસ તેવો ન બન્યો હોય, તો તેની સર્વ ધન સંપત્તિ તેને માટે શાપરૂપ છે. આ વસ્તુ હું દરેક ગમે તે માણસને તેના મુખ સામે કહી શકું તેમ છું. તેવા માણસને પણ કે જે એમ માને છે કે શ્રીમંત હોવું એ એક ગુણ છે, સદ્‌ભાગ્ય છે. સંપત્તિ એક વિપત્તિ છે, અને અપકીર્તિ (કલંક) પણ છે; તે ભગવાનની નારાજીની અભિવ્યક્તિ છે.

ગરીબ માણસના કરતાં શ્રીમંત માણસને સારા, ડાહ્યા, બુદ્ધિશાળી અને ઉદાર બનવું તે

વધારે કઠિન છે, મેં ઘણા દેશોમાં ઘણા લોકોને તે અર્થમાં જાણ્યા છે; મને માલુમ પડ્યું છે કે એ બધા દેશોમાં સૌથી વધારે ગરીબ લોકો જ સૌથી વધારે ઉદાર હતા. માણસનું ખિસ્સું જ્યારે પૈસાથી ભરાઈ જાય છે, ત્યારે તેને એક પ્રકારની માંદગી જકડી લે છે, જે માંદગી છે પૈસા પ્રત્યેની આસક્તિ. હું તમને ખાતરી આપું છું કે પૈસો એ એક શાપરૂપ છે.

એટલે પૈસાદાર માણસે પ્રથમ જે કરવાનું છે તે દાન છે, પણ કહેવામાં આવ્યું છે તેમ, દાન વિવેક વગર ન કરાવું જોઈએ; ધર્મદામાં લોકો પૈસા આપે છે તે રીતે તમે દાન ન કરતા, કારણ કે તેવા લોકોના મનમાં એવું ભૂસું ભરાઈ જાય છે કે અમે સારા, ઉદાર, અને મહત્ત્વના છીએ. તમારે સાત્ત્વિક કાર્ય કરવું જોઈએ, પૈસાનો શક્ય એટલો શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ. એટલે દરેક માણસે પોતાની ઉચ્ચતમ ચેતનામાં શોધી કાઢવું જોઈએ કે મારી પાસે જે પૈસા છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કેવો હોઈ શકે. સાચે જ, જો પૈસા એકના હાથમાંથી બીજાના હાથમાં ન જાય, તો તેની કશી કિંમત નથી. દરેક માણસ માટે, જ્યારે તે પોતાના પૈસા ખર્ચે છે ત્યારે જ તે મૂલ્યવાન બને છે.

*

## સંપત્તિની શક્તિ

ધન, સંપત્તિ એ પ્રકૃતિની એક શક્તિ છે, મેં તે વાત તમને એક વાર કરી છે; તે શક્તિ પ્રસરણનું સાધન બનવી જોઈએ, તે શક્તિ ગતિમાન રહેવી જોઈએ, જેમ વહેતું જલ એક ગતિમાન શક્તિ છે તેમ. પૈસો એક એવી વસ્તુ છે કે જેનો ઉપયોગ સર્જન કરવામાં, સંગઠન કરવામાં કરી શકાય. તે એક સગવડભરેલું સાધન છે, કારણકે હકીકતમાં તે વસ્તુઓને પરિપૂર્ણ અને મુક્ત રીતે પ્રસારિત કરવાનું એક સાધન માત્ર છે.

આ શક્તિ તેવા લોકોના હાથમાં હોવી જોઈએ કે જેઓ તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનું જાણે છે, અર્થાત્ મેં પ્રારંભમાં કહ્યું હતું તેમ, તે લોકોએ પોતાની સર્વ અંગત કામનાઓનો અને આસક્તિઓનો ત્યાગ કર્યો હોવો જોઈએ. તેમાં આ બેની સાથે એક એવી દૃષ્ટિ ઉમેરાવી જોઈએ કે જે પૃથ્વીની જરૂરિયાતોને સમજી શકે તેટલી વિશાલ હોય; તેમનામાં એવું પરિપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ કે જે તે બધી જરૂરિયાતોને કેવી રીતે સંગઠિત કરવી તે જાણે અને આ ઉપાયો વડે આ શક્તિનો ઉપયોગ કરવાનું જાણે.

જો આ વસ્તુઓ ઉપરાંત, આ લોકોમાં એક ઉચ્ચતર આધ્યાત્મિક જ્ઞાન હોય, તો તેઓ આ શક્તિનો ઉપયોગ પૃથ્વી પર ધીમે ધીમે એવી કોઈ વસ્તુની રચના કરવા કરી શકે કે જે ભગવાનની દિવ્ય શક્તિને, સત્તાને, કૃપાને પ્રગટ કરવા શક્તિમાન બને. પછી મેં જેને હમણાં શાપરૂપ કહી હતી તે પૈસાની શક્તિ બધાના કલ્યાણ માટે આશીર્વાદ રૂપ બની જાય.

કારણ કે હું ધારું છું કે શ્રેષ્ઠ વસ્તુઓ જ સૌથી વધારે ખરાબ બની જતી હોય છે. કદાચ ખરાબમાં ખરાબ વસ્તુ પણ શ્રેષ્ઠ બની શકે. કેટલાક લોકો એમ પણ કહે છે કે દુષ્ટમાં દુષ્ટ

માણસો જ સારામાં સારા બનતા હોય છે. હું આશા રાખું છું કે સારામાં સારા માણસો વધારેમાં વધારે ખરાબ નહિ બને, કારણકે તે તો સાચે જ શોચનીય બની જાય.

છતાં પણ એટલું ચોક્કસ છે કે જો સૌથી મહાન શક્તિનો ખરાબ ઉપયોગ કરવામાં આવે, તો તે એક ખૂબ મહાન વિપત્તિ બની જઈ શકે છે. પણ જો તે જ મહાન શક્તિનો સારો ઉપયોગ કરવામાં આવે, તો તે એક આશીર્વાદ બની શકે છે, બધાનો આધાર વસ્તુઓનો જે ઉપયોગ થાય છે તેના પર છે. જગતમાં દરેક વસ્તુનું પોતાનું સ્થાન છે, તેનું કાર્ય છે, તેનો સાચો ઉપયોગ છે; જો તેનો ઉપયોગ બીજી કોઈ વસ્તુ માટે કરવામાં આવે, તો તે અવ્યવસ્થા, ગરબડ ગોટાળો, અંધાધૂંધી પેદા કરે છે. તેનું કારણ એ છે કે જગત અત્યારે જેવું છે તેમાં બહુ થોડી વસ્તુઓનો ઉપયોગ તેમના સાચા કાર્ય માટે કરવામાં આવે છે, ઘણી થોડી વસ્તુઓ તેમના સાચા સ્થાનમાં હોય છે; પરિણામે જગત આ બધી વિપત્તિથી અને દુઃખોથી ભયંકર અંધાધૂંધીમાં આવી પડ્યું છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૫૭થી ૬૦)

*

## ધન હાલ અસુરની પકડમાં છે

'....હમણાં ધનની શક્તિ પ્રાણની ભૂમિકાની શક્તિઓના અને સત્ત્વોના હાથમાં છે, યા તો તેમની અસર તળે છે. એ અસરને લીધે સત્યને ખાતર બહુ મોટા પ્રમાણમાં પૈસો અપાતો કદી જોવામાં આવતો નથી. પૈસો હંમેશાં આડે રસ્તે ખર્ચાતો રહે છે. તે વિરોધી શક્તિઓના કબજામાં છે અને પૃથ્વી ઉપર પોતાનો કાબૂ કાયમ રાખવા માટે તેમનું તે એક મુખ્ય સાધન છે. ધન ઉપર વિરોધી શક્તિઓએ પોતાનો આ કાબૂ અત્યંત પ્રબળ રીતે, પૂરેપૂરો વ્યવસ્થિત રીતે જમાવેલો છે. એમના મજબૂત સકંજામાંથી કોઈ પણ વસ્તુ મેળવવી એ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. આજે જેમને હવાલે ધન રહ્યું છે તેમની પાસેથી થોડુંક પણ ધન કઢાવવા માટે તમારે હર વખતે દારુણ યુદ્ધ કરવું પડે છે.' (શ્રી 'માતાજીની વાણી' : વાર્તાલાપ – ૬)

**બાળક :** પરીઓની વાતોમાં ઘણી વાર એમ કહેવામાં આવે છે કે અમુક ખજાનાનું રક્ષણ સર્પો કરી રહ્યા હતા. આ સાચું હશે ?

**શ્રી માતાજી :** હા, પણ એ સાપ ભૌતિક જગતના હોતા નથી, પ્રાણમય જગતના હોય છે.

ધનના ભંડારોની ચાવી પ્રાણમય જગતમાં હોય છે અને એક ખૂબ ભયાનક વિરાટ કાયાવાળો સર્પ એની રક્ષા કરે છે – એ સામાન્ય સાપથી દસ ગણો નહિ, બલ્કે સો ગણો મોટો છે. એ ખજાનાના દ્વાર ઉપર ચોકી કરે છે. એનો રંગ કાળો અને દેખાવે એ ખૂબ ભવ્ય છે, એ હમેશાં ટટાર, સાવધ હોય છે. એક વખત મેં મારી સામે એવા સાપને જોયો (એ સત્ત્વો સામાન્ય રીતે મારી આજ્ઞા માને છે), ત્યારે મેં એને કહ્યું, 'મને માર્ગ આપ.' એણે કહ્યું, 'હું તમને જરૂર જવા દેત, પણ હું તમને જવા દઉં તો એ લોકો મને જાનથી મારશે, એટલે હું તમને

માર્ગ આપી શકતો નથી.' મેં એને પૂછ્યું, 'હું તારે માટે શું કરું તો તું મને જવા દઈ શકે ?' એણે કહ્યું, 'આહ્! કેવળ એક વસ્તુ જ તમને રસ્તો આપી શકે તેવી છે – જો તમે મનુષ્યમાંની કામવાસનાને વશ કરી શકો, જો આખી માનવજાતિની આ પ્રવૃત્તિને તમે વશ કરી લો, તો હું રસ્તો રોકી શકીશ નહિ, હું તમને જવા દઈશ.'

એણે હજી સુધી મને રસ્તો આપ્યો નથી. હું માનું છું કે મેં એની શરત પૂરી કરી નથી. મેં એ પ્રવૃત્તિને એવા પ્રકારે વશ નથી કરી કે આખા સંસારની એ પ્રવૃત્તિ ઉપર વિજય મેળવ્યો હોય – એ ખૂબ મુશ્કેલ કાર્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૧૫-૧૬)

*

## ધન અને મૃત્યુ સાથેની આસક્તિ

ઉદાહરણરૂપે પોતાના ધન પ્રત્યે લોલુપતાવાળા એક કંજૂસનો આપણે દાખલો લઈએ. એનું મરણ થાય છે. એનું પ્રાણમય સ્વરૂપ ઓગળી જાય છે પણ પોતાના પૈસા માટેની એની લોલુપતા જીવતી રહે છે. એ વ્યક્તિ પ્રાણમય જગતમાં એક જીવંત અને સભાન સ્વરૂપ ધારણ કરવા માટે કેટલાંક તત્ત્વો પોતાની આસપાસ એકઠાં કરે છે. જો આ માણસે પોતાના જીવન દરમિયાન કોઈક જગાએ પોતાનો ખજાનો સંતાડી રાખ્યો હશે તો એ સત્ત્વ, જાણે એનું રક્ષણ કરવાનું હોય અને લોકોને તે ખજાનાની પાસે ન આવવા દેવાં હોય તેમ બરાબર એ જગ્યાની ઉપર જ પોતાનું સ્થાન જમાવે છે. પરંતુ કેટલાક લોકો સૂક્ષ્મગ્રાહી હોય છે અને જ્યારે તેમને ખબર પડે છે કે, કોઈ જગ્યાએ ખજાનો સંતાડેલો છે ત્યારે તેની હાજરીનું સંવેદન અનુભવે છે અને કહે છે, 'અહીં ખજાનો છે.' આ એનું પ્રથમ પરિણામ હોય છે. બીજું પરિણામ એ આવે છે કે પેલું સત્ત્વ પોતાના ખજાનાને કોઈ અડે નહિ તેવી ઇચ્છા ધરાવતું હોવાને કારણે તેના રક્ષણ માટે હંમેશાં કોઈ વિપત્તિ આણે છે. જે લોકો એની સમીપમાં જાય છે. તેમને તે કાં તો માંદા પાડી દે છે કે તેમને માટે કોઈ અકસ્માત ખડો કરે છે, અથવા કોઈ હત્યાનો પ્રસંગ ઊભો કરે છે, એને માટે ગમે તે રસ્તો હોય તે સારો જ હોય છે; અને ત્યાં પાસે જનાર વ્યક્તિ જો વધુ પડતી સંવેદનશીલ હોય તો એને તે સત્ત્વ એવી તો ડરાવી મૂકે છે કે તે પાગલ થઈ જાય છે.

પેલી અધમ કામવાસનામાંથી ઉત્પન્ન થયાં હોય તેવાં અસંખ્ય નાનાં નાનાં તદ્દન જુગુપ્સાપ્રેરક સત્ત્વોના અસ્તિત્વનું પ્રમાણ ઘણું છે. જો આ કામના (એને અનુરૂપ સત્ત્વો સાથે) મરણ સમયે ઓગળી ગઈ નથી હોતી તો, આ સત્ત્વનું અસ્તિત્વ બન્યું રહે છે અને સંવેદનશીલ માણસોની આસપાસના વાતાવરણમાં પહોંચી જઈને તેમને ઉશ્કેરવા, તેમને ઘોંચપરોણો કરવા પ્રયત્ન કરે છે. જાતીય ક્રિયા વખતે ઉત્પન્ન થતી પ્રાણમય શક્તિ આ સત્ત્વોનું ભોજન હોય છે અને કુદરતી રીતે, પોતાને બને તેટલો વધુ આહાર મળે તેની જ તેમને કામના હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૧૮-૧૯)

## ધનનું દાસત્વ

**બાળક :** શ્રી અરવિન્દ ''ધનની પ્રાપ્તિ જે ટેવોનું નિર્બળ દાસત્વ ઉત્પન્ન કરે છે'' તેના વિશે વાત કરે છે.

**શ્રી માતાજી :** જ્યારે તમે પૈસાદાર હો છો અને તમારી પાસે વાપરવા માટે ખૂબ પૈસા હોય છે ત્યારે તમે એમનો ઉપયોગ તમને સુખદ લાગતી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે કરો છો, અને તમને એ બધી વસ્તુઓની ટેવ પડી જાય છે, તમે એ વસ્તુઓના બંધનમાં મુકાઈ જાઓ છો અને પછી એક દિવસ જ્યારે એ પૈસા ચાલ્યા જાય છે ત્યારે તમને સૂનું સૂનું લાગે છે, તમે દુઃખી થઈ જાઓ છો, નિર્માલ્ય થઈ જાઓ છો. અને જે વસ્તુઓનો ઉપભોગ કરવાની તમને ટેવ પડેલી હોય છે તે વસ્તુઓ ન રહેવાથી જાણે બધું જ ગુમાવી બેઠા હો તેવી લાગણી અનુભવો છો. એ એક બંધન હોય છે, એક નિર્બળતાભર્યું બંધન હોય છે. જે વ્યક્તિ તદ્દન નિર્લેપ હોય છે તે જ્યારે આવી વસ્તુઓની વચમાં જીવન ગાળતો હોય ત્યારે પણ એને બધું બરાબર લાગતું હોય છે. જ્યારે એ વસ્તુઓ એની પાસેથી ચાલી જાય છે ત્યારે પણ એને બરાબર લાગતું હોય છે; બંને પરિસ્થિતિઓમાં એ તદ્દન ઉદાસીન હોય છે. આ જ સાચું વલણ હોય છે : જ્યારે એ વસ્તુઓ એની પાસે હોય છે ત્યારે એ તેમને વાપરે છે, જ્યારે નથી હોતી ત્યારે એ એમના વિના ચલાવી લે છે. અને આંતર ચેતના માટે આ પરિસ્થિતિને કારણે કોઈ ફેર પડતો નથી. તમને એનાથી આશ્ચર્ય થાય તેમ બને, પણ વસ્તુસ્થિતિ એવી જ હોય છે.

## પૈસા ઉપર નિયંત્રણ

**બાળક :** જો કોઈ વ્યક્તિમાં ઢગલાબંધ ધન પ્રાપ્ત કરવાની શક્તિ હોય તો એનો અર્થ એમ કરી શકાય કે એ વ્યક્તિનો પાર્થિવ બળો ઉપર અમુક રીતનો કાબૂ છે ?

**શ્રી માતાજી :** એનો આધાર એ કઈ રીતે ધનની પ્રાપ્તિ કરે છે તેના ઉપર રહે છે. જો તમે અનીતિભર્યા માર્ગે ધનની પ્રાપ્તિ કરતા હો તો એનો અર્થ એવો ન થાય કે તમે એવો કાબૂ ધરાવો છો. પરંતુ કોઈ વ્યક્તિ ચીવટપૂર્વક પોતાની ફરજોનું પાલન કરતો હોય અને જુએ કે ધન એની પાસે આવી રહ્યું છે તો સ્પષ્ટ છે કે એ પેલી પાર્થિવ શક્તિઓ ઉપર કાબૂ ધરાવે છે. એવા લોકો પણ હોય છે જેઓ લક્ષ્મીને આકર્ષી આણવાની શક્તિ ધરાવતા હોય છે અને એને માટે તેમને કોઈ રીતની અપ્રામાણિકતા આચરવાની જરૂર પડતી નથી. બીજા કેટલાક લોકોને થોડાક સિક્કાઓ મેળવવા માટે પણ અનેક પ્રકારની બાંધછોડ કરવી પડે છે અને એમાં ઓછાવત્તા પ્રમાણમાં સારી કે નરસી વસ્તુઓ ભળેલી હોઈ શકે છે. એટલે આપણે કહી ન શકીએ કે.... આપણે કોઈ ધનવાન વ્યક્તિને જોઈને એમ ન કહી શકીએ કે એ વ્યક્તિ ધનને લગતાં બળો ઉપર કાબૂ ધરાવે છે—ના, એવું હંમેશાં હોતું નથી. પરંતુ જો કોઈ વ્યક્તિ પૂર્ણપણે પ્રમાણિક રહેતી હોય અને ધનની પ્રાપ્તિ માટે જરા પણ દરકાર કર્યા સિવાય, એને પોતાની જે ફરજ જણાતી હોય તે અદા કર્યે જતી હોય અને છતાં એની પાસે પૈસા આવ્યે જતા હોય તો એ વસ્તુ સ્પષ્ટ કરે છે કે ધનને લગતી પાર્થિવ શક્તિઓ સાથે એને કોઈ જાતના આકર્ષણનો સંબંધ છે.

## ખાડો અને ટેકરો

**બાળક :** લોકોમાં કહેવત છે કે ''ખાડો ખોદ્યા વિના ટેકરો બનાવી શકાય નહિ'', એટલે જો કોઈ વ્યક્તિએ ધનવાન થવું હોય તો બીજા કોઈને ગરીબ બનાવ્યા સિવાય ન થઈ શકે, આ સાચું હશે ?

**શ્રી માતાજી :** આ વસ્તુ સર્વાંશે સત્ય નથી. જો તમે કોઈ વસ્તુનું ઉત્પાદન કરો તો એમાં તમે કોઈને ગરીબ બનાવ્યા સિવાય ધનસંપન્ન બનો છો; એમાં તમે જગતમાં એક વધારાની વસ્તુને વહેતી મૂકો છો જેની કીમત પૈસામાં આંકી શકાય તેમ હોય છે. પરંતુ ખાડો ખોદ્યા વિના ટેકરો ન બનાવાય એ ઉક્તિ જે લોકો સટ્ટો કરતા હોય, જેઓ શેરબજારનો ધંધો કરતા હોય તેમને માટે બરાબર છે – એ બાબતોમાં એ સાચી છે. સીધેસીધો સટ્ટો કરવામાં બીજાને નુકસાન પહોંચાડ્યા સિવાય નાણાંકીય સફળતા મેળવવી અશક્ય હોય છે. પણ એ વાતનો એટલેથી જ અંત આવે છે. કારણ કે કોઈ વ્યક્તિ પોતે જે વસ્તુનું ઉત્પાદન કરતી હોય તેના બદલામાં ધનના ઢગલા પ્રાપ્ત કરતી હોય તો એ ખાડો ખોદે છે એમ ન કહી શકાય. ચોક્કસ, એમાં જે વસ્તુનું ઉત્પાદન કરવામાં આવ્યું હોય તેની કિંમતનો સવાલ આવે છે, પરંતુ જો એ ઉત્પાદન સામાન્ય માનવજાતિની સમૃદ્ધિમાં ખરેખરો ઉમેરો કરવા માટે હોય તો કોઈ એ ખાડો પાડતું નથી, એ તો લક્ષ્મીમાં વધારો કરે છે. અને બીજી રીતે જોઈએ તો એ જ વસ્તુ કેવળ ભૌતિક ક્ષેત્રમાં નહિ પણ કલા, સાહિત્ય અથવા વિજ્ઞાન કે કોઈ પણ પ્રકારનું ઉત્પાદન હોય તેને પણ લાગુ પડે છે.

*

**બાળક :** જ્યારે હું વેપાર (આયાત-નિકાસના) કરતો હતો ત્યારે મને હંમેશાં એવું લાગતું હતું કે હું મારા સાથીને લૂંટી રહ્યો છું.

**શ્રી માતાજી :** એમાં તમે બીજાને ભોગે જીવો છો, કારણ કે તમે વચગાળાના માણસોમાં ઉમેરો કરો છો. કુદરતી રીતે એ વ્યવસ્થા કદાચ સગવડભરી, વ્યવહારુ હશે પણ સામાન્ય દૃષ્ટિએ જોઈએ તો, અને સર્વ કાંઈ બાજુએ મૂકતાં પણ, એ ધંધો જે રીતે આચરવામાં આવે છે તેમાં તો તમે ઉત્પાદક અને વાપરનારને ભોગે જીવતા હો છો. તમે કોઈના એજન્ટ બનો છો ત્યારે એમાં તમારો કોઈની સેવા કરવાનો કોઈ ખ્યાલ હોતો નથી. (કારણ કે લાખે એક માણસને પણ આવો વિચાર આવતો નથી) ફક્ત કશી મહેનત કર્યા સિવાય પૈસા કમાવાનો એ સરળ રસ્તો હોય છે માટે જ તમે એમ કરો છો. પરંતુ એ ખરું છે કે, કશી મહેનત કર્યા સિવાય ધન કમાવવાના જે અનેક રસ્તાઓ છે, તેમાં એ ધંધા (આયાત-નિકાસના) સિવાય બીજા ધંધાઓ પણ છે જે એના કરતાં ખૂબ ખરાબ હોય છે ! – એવા અસંખ્ય ધંધાઓ હોય છે.

*

## પ્રામાણિકતા અને ધંધો

**બાળક :** બહારના મિત્રો મને ઘણી વાર આ પ્રશ્ન પૂછે છે : ''જ્યારે વ્યક્તિને પોતાની

આજીવિકા રળવાની ફરજ પડે ત્યારે સામાન્ય લોકોમાં સ્વીકૃત નીતિની મર્યાદાઓ પ્રમાણે આચરણ કરવું જોઈએ કે એથી વધુ કડક ધોરણ અપનાવવું જોઈએ ?'

**શ્રી માતાજી :** એનો આધાર તમારા મિત્રે જીવન પ્રત્યે કયા પ્રકારનું વલણ અપનાવ્યું છે તેના ઉપર છે. જો તેને સાધક થવું હોય તો એ વસ્તુ અનિવાર્ય છે કે સામાન્ય નીતિના નિયમોની એને માટે કોઈ કીમત નથી. હવે, જો એ એક સામાન્ય જીવન ગાળતો સામાન્ય માનવી હોય તો એ પ્રશ્ન કેવળ વ્યવહારને લગતો બની જાય છે, નહિ ? કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન આવી પડે તે માટે પોતે જે દેશમાં રહેતો હોય ત્યાંના નિયમોને અનુસરીને તેણે વર્તન કરવું જોઈએ ! પરંતુ આ બધી વસ્તુઓ જેનું મૂલ્ય સામાન્ય જીવનમાં કેવળ સાપેક્ષ જ હોય છે અને જેના પ્રત્યે આપણે એક અનુકંપાની દૃષ્ટિએ પણ નિહાળી શકીએ છીએ તે, આપણે યોગ કરવાનો નિશ્ચય કરીએ કે પ્રભુમય જીવનમાં પ્રવેશવાનું નક્કી કરીએ તે ક્ષણે જ સંપૂર્ણપણે બદલાઈ જાય છે. ત્યારે પછી સર્વ મૂલ્યો પૂર્ણપણે બદલાઈ જાય છે. સામાન્ય જીવનનાં જેને પ્રમાણિક કહેવાય તે હવે તમારે માટે જરા પણ પ્રમાણિક વસ્તુ રહેતી નથી. આ સિવાય, જીવનનાં મૂલ્યો એટલે બધે અંશે ઊલટાઈ જાય છે કે આપણે સામાન્ય ભાષાનો ઉપયોગ પણ ન કરી શકીએ. જો આપણે પોતાની જાતનું દિવ્ય જીવન માટે સમર્પણ કરવા માગતા હોઈએ, તો આપણે એ સાચી રીતે કરવું જોઈએ. એટલે કે, પોતાની જાતનું પૂર્ણપણે અર્પણ કરી દેવું જોઈએ, પોતાના સ્વાર્થને માટે પછી કોઈ પણ વસ્તુ તમે ન કરી શકો : પોતાની જાતને જે દિવ્ય શક્તિને આધારે મૂકી દીધી હોય તેના ઉપર જ તમારે નિતાંતપણે આધાર રાખવો જોઈએ. બધી વસ્તુઓ પૂર્ણ પણે બદલાઈ જાય છે, નહિ ? — બધું, સર્વ કાંઈ, એમાં બધી વસ્તુઓ ઊલટાઈ જાય છે. મેં જે વસ્તુ હમણાં આ પુસ્તકમાંથી વાંચી તે કેવળ જે લોકો યોગ કરવા માગતા હોય તેમને જ લાગુ પડે છે. બીજાઓને માટે એનો કોઈ અર્થ નથી. એ એક એવી ભાષા છે, જેનો કોઈ અર્થ બેસતો નથી, પરંતુ જેઓ યોગ કરવા માગતા હોય તેમને માટે તો એ ફરજિયાત છે. આપણે હમણાં હમણાંમાં જે વસ્તુઓનું વાચન કર્યું તે સર્વને એ વસ્તુ લાગુ પડે છે : તમારો એક પગ એક બાજુએ અને બીજો પગ બીજી બાજુએ હોય તેવું ન બને તેની કાળજી રાખવી જોઈએ, બે જુદી જુદી દિશાઓમાં જતાં વહાણ ઉપર આરોહણ ન કરવું જોઈએ. આ જ વસ્તુની શ્રી અરવિન્દે વાત કરી છે : તમારે ''બેવડું જીવન'' ગાળવું ન જોઈએ. તમારે એક યા બીજી વસ્તુને છોડી દેવાની રહે છે — તમે બંનેનું અનુસરણ નહિ કરી શકો.

પરંતુ આનો અર્થ એમ નથી થતો કે તમારે તમારા જીવનની બાહ્ય પરિસ્થિતિમાંથી બહાર નીકળી જવાનું છે : જે વસ્તુનું પૂર્ણપણે પરિવર્તન કરવાનું છે તે વસ્તુ તમારું આંતરિક વલણ છે. આ રીતે, તમે જે વસ્તુ કરવાને ટેવાયેલા હો એની એ જ વસ્તુ તમે કર્યે જાઓ, પરંતુ એ વસ્તુ કરવામાં અંતરનું વલણ તદ્દન જુદા પ્રકારનું રાખો, યોગ કરવા માટે તમે જીવનની સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને એકાંતમાં ચાલ્યા જાઓ, કોઈ આશ્રમમાં ચાલ્યા જાઓ એ તદ્દન જરૂરી વસ્તુ નથી. હા, એ વસ્તુ સાચી છે કે તમે દુનિયામાં રહીને, દુન્યવી પરિસ્થિતિમાં

યોગ કરતા હો ત્યારે એ એક વધુ અઘરું કાર્ય બની રહે છે, પણ ત્યારે એ વધુ પૂર્ણતાવાળું પણ હોય છે. કારણ કે દુનિયામાં તમારે દરેક ક્ષણે એવા પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે જે વસ્તુ કોઈ વ્યક્તિ બધું છોડીને એકાંતમાં ચાલી ગઈ હોય તેને ભાગે આવતી નથી; એવી વ્યક્તિને માટે પ્રશ્નોનું પ્રમાણ ઓછામાં ઓછું હોય છે — જ્યારે દુનિયાના જીવનમાં તમારે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો પ્રસંગ આવે છે, જેમાં તમારી આજુબાજુ આવી રહેલી વ્યક્તિઓ જેમની સાથે તમારે અનેક પ્રસંગો પડતા હોય તેઓ તમને સમજી ન શકે એ વસ્તુ તમારી મુશ્કેલીઓની શરૂઆતમાં જ આવે છે; તમારે એને માટે તૈયાર રહેવાનું હોય છે, પોતાની જાતને પુષ્કળ ધૈર્ય અને અનાસક્તિ વડે સજ્જ રાખવાની રહે છે. પરંતુ યોગ કરવામાં લોકો શું કહે છે અથવા વિચારે છે તેની ફિકર રાખવાનું તમારે મૂકી દેવું જોઈએ; આ વસ્તુ તદ્દન અનિવાર્ય એવું આરંભનું બિંદુ છે. દુનિયા તમારે માટે શું ધારે છે અથવા કહે છે અને તમારી સાથે કઈ રીતનો વર્તાવ કરે છે તે બાબતમાં તમારે તદ્દન નિર્લેપ થઈ રહેવાનું છે. લોકોની માન્યતાઓ એ તમારે માટે એક તદ્દન મૂલ્ય વિનાની વસ્તુ બની રહેવી જોઈએ અને એ વસ્તુઓનો તમને લેશ પણ સ્પર્શ ન થવો જોઈએ. આટલા માટે જ યોગ કરવા માટે સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને એકાંતમાં ચાલ્યા જવા કરતાં પોતાના રોજના વાતાવરણમાં રહી યોગ કરવો સામાન્ય રીતે દુષ્કર હોય છે; એમ કરવું વધુ મુશ્કેલ છે એ ખરું. પણ આપણે કંઈ સહેલી વસ્તુઓ જ કરવા બેઠાં નથી — સહેલી વસ્તુઓ તો જે લોકો રૂપાંતર વિશે વિચારતા નથી તેમને માટે આપણે છોડી દઈએ છીએ.

*

## પૈસો કમાવવાના સાધનો અને પૈસાનો સામૂહિક ઉપયોગ

**બાળક :** જો કોઈએ અનીતિને માર્ગે ઢગલાબંધ ધન પ્રાપ્ત કર્યું હોય તો આપણે એમાંથી થોડુંક પ્રભુ માટે આપવા કહી શકીએ ?

**શ્રી માતાજી :** શ્રી અરવિન્દે આ પ્રશ્નનો ઉત્તર આપેલો છે જ. એમણે એમ કહેલું છે કે ધન પોતે એક નિર્વૈયક્તિક બળ છે. તમે કઈ રીતે ધનની પ્રાપ્તિ કરો છો તેનો સંબંધ વ્યક્તિ તરીકે તમારી એકલાની સાથે છે. એ તમને ખૂબ નુકશાન પહોંચાડે અથવા બીજાઓને પણ નુકશાન કરે તેમ બની શકે છે, પરંતુ એને લઈને ધન કે જે એક તદ્દન નિર્વૈયક્તિક બળ છે તેની પ્રકૃતિમાં ફેર પડતો નથી : ધનને કોઈ રંગ સ્વાદ કે મનોમય ચેતના હોતી નથી. એ એક બળ છે આપણે એમ કહીએ કે એક બદમાશે શ્વાસ દ્વારા બહાર ફેંકેલી હવા એક પ્રમાણિક માણસના ઉચ્છ્વાસ કરતાં વધુ દૂષિત હોય છે તેના જેવી એ વાત છે — હું એમ નથી માનતી. હું ધારું છું કે પરિણામ એક સરખું જ હોય છે. વ્યાવહારિક પ્રકારનાં કારણે આપણે ચોરી કરીને પ્રાપ્ત કરેલા ધનનો અસ્વીકાર કરીએ તો એનું કારણ તદ્દન વ્યાવહારિક હોય છે. એમાં કોઈ દિવ્ય કારણ હોતું નથી. આ એક માનવજાતિમાં તદ્દન સામાન્ય પ્રચલિત ખ્યાલ છે. તમે એક વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી એમ કહી શકો કે, ''ના ભાઈ, તમે જે રીતે નાણાં પ્રાપ્ત કર્યાં છે તે

જુગુપ્સા ઉપજાવે તેવું છે અને એ કારણે હું તે નાણાં ભગવાનને અર્પણ કરવા માગતો નથી.'' અને તમે આમ કહો છો, કારણ કે તમારામાં સામાન્ય માનવીની ચેતના હોય છે. પરંતુ તમે બીજા કોઈનો દાખલો લો (આપણે ખરાબમાં ખરાબ દાખલો લઈએ) જેમાં કોઈએ કોઈનું ખૂન કરીને નાણાં પ્રાપ્ત કર્યાં હોય; અને અચાનક એના હૃદયમાં ઊંડો ખટકો અને ખેદ ઉત્પન્ન થાય અને એ પોતાની જાતને કહે ''હવે મારે આ પૈસાનો ઉપયોગ એક જ કામમાં કરવાનો રહે છે, અને તે એ કે જ્યાં એનો સારામાં સારો ઉપયોગ થઈ શકે ત્યાં વધુમાં વધુ નિર્વૈયક્તિક ભાવે અર્પણ કરી દેવા'', તો મને લાગે છે કે આ પ્રકારની ગતિ પૈસાનો પોતાના ઉપભોગ માટે ઉપયોગ થાય તેના કરતાં વધુ ઇચ્છવા યોગ છે. મેં એમ કહ્યું કે ખોટી રીતે પ્રાપ્ત કરેલાં નાણાં સ્વીકારતાં અટકાવનારાં કારણોમાં તદ્દન વ્યવહારુ દૃષ્ટિવાળાં કારણો હોઈ શકે ! પરંતુ એમ પણ બને કે એમ કરવા પાછળ એથી વધુ ગહન કારણો હોય, એ કારણો (હું નૈતિક કારણોની વાત નથી કરવા માગતી) પણ આધ્યાત્મિક પ્રકારનાં હોઈ શકે, તપસ્યાની દૃષ્ટિવાળાં હોઈ શકે; આપણે એવી કોઈ વ્યક્તિને કહી શકીએ, ''ના, આ નાણાં તમે એવી ક્રૂર રીતે પ્રાપ્ત કર્યાં છે કે એ ધનથી સદ્ગતિ પ્રાપ્ત નહિ કરી શકો. આમાં તો તમે આ નાણાં જેનાં હોય તેને પાછાં આપી દો એ જ યોગ્ય રસ્તો છે''; દાખલા તરીકે, તમને એમ પણ લાગી શકે કે એ વ્યક્તિ એ ધન ગમે તેને ગમે તે કાર્ય માટે આપી દઈ પોતાને મુક્ત કરે તેના કરતાં પાછો બદલો વાળે તે એને માટે વધુ પ્રગતિકારક વસ્તુ હોઈ શકે. વ્યક્તિ આ દૃષ્ટિએ પણ વસ્તુઓને નિહાળી શકે — આમાં કોઈ નિયમો બનાવી શકાય નહિ. માટે જ હું હમેશાં તમને કહેતી રહું છું કે આવી બાબતમાં નિયમો બનાવવા શક્ય નથી. દરેક કિસ્સાનો પ્રકાર અલગ અલગ રીતનો હોય છે. પરંતુ તમારે એમ ન માનવું કે ધન ઉપર કોઈ પ્રકારની અસર થાય છે; ધન એ એક પાર્થિવ બળ છે અને એના ઉપર એ કઈ રીતે પ્રાપ્ત કરવામાં આવે છે તેની અસર થતી નથી, એની કશી અસર નથી થતી. પૈસા એના એજ રહે છે, તમારી નોટ એની એ જ રહે છે, તમારી સોનાની લગડી એની એ જ રહે છે, અને એ વસ્તુઓ એમની શક્તિનું વહન કરે છે, એટલે એ શક્તિ એમનામાં ચાલુ રહે છે. એ તો સ્પષ્ટ છે કે જે વ્યક્તિ ખોટું કરે છે તેને જ એ નુકશાન કરે છે.

*

## મનની અવસ્થા અને આપવાનો હેતુ

ત્યાર પછી એ પ્રશ્ન રહે છે : તમારો અપ્રમાણિક માનવી, કયા પ્રકારની મનોદશામાં અને કયાં કારણોસર એના પૈસા પોતે જેને દિવ્ય કાર્ય ગણે છે તેને માટે આપવા માગે છે ? એ કોઈ સહીસલામતીના પગલા તરીકે કે પછી વિવેકબુદ્ધિ જાગ્રત થવાને કારણે કે પોતાના હૃદયની શાંતિ માટે એમ કરવા માગે છે ? એ તો સ્પષ્ટ છે કે આવો કોઈ હેતુ કંઈ બહુ સારો ન ગણાય અને એને ઉત્તેજનપાત્ર ન ગણી શકાય. પરંતુ એનામાં એક જાતનો પસ્તાવો જાગ્રત થયો હોય અને પોતે જે કર્યું હોય તેને માટે દિલગીરી સાથે એવી લાગણી ઉત્પન્ન થઈ હોય કે તેને માટે હવે એક જ વસ્તુ કરવાની રહે છે અને તે એ કે ખોટી રીતે પ્રાપ્ત કરેલ ધનથી પોતે મુક્ત થઈ

જવું અને શક્ય તેટલા પ્રમાણમાં સામાન્ય જનોના કલ્યાણ માટે તેનો ઉપયોગ કરવો. તો પછી એની સામે કંઈ કહેવાનું રહેતું નથી. આ બાબતમાં આપણે સર્વ સામાન્ય રીતે નિર્ણય ન કરી શકીએ — દરેક કિસ્સો જોઈને નિર્ણય થઈ શકે. જો હું તમારું કહેવું બરાબર રીતે સમજી હોઉં તો એટલું કહી શકાય કે જ્યારે આપણે જાણતા હોઈએ કે આ માણસે તેના પૈસા એવા માર્ગે પેદા કર્યા છે કે જેનું નામ ન દઈ શકાય, તો એ વસ્તુ સ્પષ્ટ છે કે, એવા માણસ પાસે જઈને આપણે ભગવાનના કાર્ય માટે પૈસા માગીએ નહિ તે એક સારી વસ્તુ ગણાય, કારણ કે આપણે એમ કરીએ તો એના અશુભ માર્ગે ધન મેળવવાના માર્ગનું પુનરુત્થાન કરવા સરખું થાય, આપણે માગણી ન કરી શકીએ, એ શક્ય જ નથી. જો કોઈ કારણસર, એ વ્યક્તિ પોતાની જાતે આપવા આવે તો આપણે અસ્વીકાર કરવાનું કોઈ કારણ નથી. પરંતુ એવી વ્યક્તિ પાસે જઈને માગણી કરવી એ તદ્દ્ન અશક્ય વસ્તુ છે, કારણ કે એમ કરીએ તો એ જે રીતે ધન પ્રાપ્ત કરતો હોય છે તેને આપણે યોગ્ય ઠરાવવા સરખું થાય છે. અને એ વસ્તુ યોગ્યતાની બાબતમાં મોટો તફાવત ઉત્પન્ન કરે છે. અને સામાન્ય રીતે, આવા કિસ્સાઓમાં જે લોકો દુષ્ટ માણસો પાસે જઈને પૈસાની માગણી કરતા હોય છે તે લોકો દમદાટીનો ઉપયોગ કરતા હોય છે. એ લોકો પેલાને બીવડાવે છે, ભૌતિક રીતે નહિ પણ એમના ભવિષ્યના જીવનમાં એમનું શું થશે તે બાબતમાં તેમને બીવડાવે છે. એ કંઈ બહુ સારી વાત ન કહેવાય. આ પ્રકારની પદ્ધતિનો આપણે ઉપયોગ ન કરવો જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૧૫-૨૧૮ અને ગ્રંથ ૫ : પૃ. ૪૮થી ૫૪)

*

## ગરીબાઈ અને સમૃદ્ધિ

**બાળક :** શ્રી અરવિન્દ અહીં કહે છે કે, ''જે કાંઈ કૃપણ છે... તે તેનું (મહાલક્ષ્મીનું) આગમન પાછું વાળે છે.'' (એજન)

**શ્રી માતાજી :** હા, કૃપણતા, અનુદાર ભાવ, ઉષ્માહીનતા, વિપુલતાનો અભાવ, આંતર સમૃદ્ધિનો અભાવ; જે કાંઈ શુષ્ક, ચેતનહીન, આત્મ-કેંદ્રિત વલણવાળું હોય છે તે સર્વ મહાલક્ષ્મીનું આગમન થતું અટકાવે છે. એ કાંઈ દુનિયાદારીમાં પૈસા કહેવાય છે તેનો પ્રશ્ન નથી એ સમજી રાખજો ! એ રીતે તો કોઈ અત્યંત પૈસાદાર માણસ પણ મહાલક્ષ્મીની દૃષ્ટિએ અત્યંત ગરીબ હોઈ શકે છે. અને કોઈ ગરીબ માણસ, તેનું હૃદય જો ઉદાર વૃત્તિવાળું હોય તો ઘણો સમૃદ્ધ હોઈ શકે છે.

**બાળક :** જ્યારે આપણે કહીએ છીએ, 'એક ગરીબ વ્યક્તિ... ગરીબ બિચારો,' ત્યારે 'ગરીબ વ્યક્તિ' નો ચોક્કસ અર્થ શું થાય છે ?'

**શ્રી માતાજી :** ગરીબ માણસ એટલે જે વ્યક્તિમાં કોઈ ગુણ નથી, જેનામાં કોઈ શક્તિ નથી, કોઈ બળ નથી, કોઈ ઉદારતા નથી, એવી વ્યક્તિ કૃપણ અને દુઃખી હોય છે. તદુપરાંત,

વ્યક્તિ જ્યારે ઉદાર હોતી નથી ત્યારે જ દુઃખી હોય છે — જો વ્યક્તિમાં એવો ઉદાર સ્વભાવ હોય કે જે ગણતરી ગણતો રહ્યા વિના આપતો રહે તો તે કદાપિ દુઃખી થતો નથી. કેવળ એવા લોકો કે જેઓ પોતાની જાત પ્રત્યે જ વળી રહેલા હોય છે, જેઓ વસ્તુઓને પોતાની તરફ ખેંચી લાવવા માગે છે — કેવળ એવા લોકો જ દુઃખી થાય છે. પરંતુ જ્યારે વ્યક્તિ પોતાની જાતે ઉદાર ભાવે આપતો રહે છે, આપવામાં ગણતરીના હિસાબ માંડતો નથી, ત્યારે તે કદી, કદાપિ દુઃખી થતો નથી. દુઃખી તો એ હોય જેને કાંઈ લેવું હોય છે, જે આપે છે એને કાંઈ એવું હોતું નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૮૦)

*

**મહત્ત્વાકાંક્ષા અને માનવકલ્યાણ**

પરંતુ આજ લોકો, જેઓ શાળા માટે પૈસા આપે છે તેમને એમ કહેવામાં આવે કે અમુક ઠેકાણે પ્રભુનુ અમુક કાર્ય કરવાનું છે અને પ્રભુએ એ કાર્ય અમુક રીતે થાય એવું નક્કી કર્યું છે, અને એ લોકોને એવી ખાતરી પણ થાય કે ખરેખર એ પ્રભુનું જ કાર્ય છે, તે છતાં એ લોકો કંઈ પણ આપવાનો ઇનકાર કરે છે. કારણ કે એ કાંઈ લોકોએ માન્ય રાખેલ પ્રકારનું જનહિતનું કાર્ય હોતું નથી. અને એનાથી પોતે કાંઈ સારું કાર્ય કર્યાનો આત્મસંતોષ લઈ શકતો નથી ! આ વસ્તુને હું મહત્ત્વાકાંક્ષા કહું છું. મારી પાસે એવા અનેક લોકોના દાખલા છે જેઓ કોઈ હોસ્પિટલ ઉઘાડવા માટે લાખો રૂપિયા આપી શકે છે, કારણ કે એમ કરવાથી એમને કોઈ મહાન, ઉમદા, ઉદારતાપૂર્ણ વસ્તુ કર્યાનો આત્મ સંતોષ મળે છે. એ લોકો આપવડાઈમાં રાચે છે. હું એને મહત્ત્વાકાંક્ષા કહું છું.

હું એક એવા વિનોદી સ્વભાવવાળા માણસને ઓળખું છું, જે એમ કહેતો કે, ''પ્રભુનું રાજ્ય સત્વરે સ્થપાય એ બની શકે તેમ નથી, અને એના કારણભૂત પેલા દાનેશ્વરી લોકો છે — કારણ કે પ્રભુનું રાજ્ય સ્થપાય તો એમનું શું થાય ? જો માનવજાતિ દુઃખી ન રહે તો પછી એ દાનેશ્વરી લોકો માટે કોઈ કર્તવ્ય કર્મ જેવું જ ન રહે.'' આ વસ્તુમાંથી બહાર નીકળવું એ ઘણું અઘરું કામ છે. પરંતુ, એ પણ એક હકીકત છે કે, આ જગત જ્યાં સુધી પ્રભુને સમર્પણ નહિ કરી દે ત્યાં સુધી તે તેની અત્યારની હાલતમાંથી બહાર નીકળી શકવાનું નથી. જે બધા સદ્ગુણો કહેવાય છે — એમને તમે ભલે વખાણીને ઊંચે ચઢાવો — તે બધા તમારા આત્મસંતોષમાં વધારો કરે છે, એટલે કે, એમનાથી તમારો અહંકાર પોષાય છે. એમના વડે તમે પ્રભુ વિશે સાચી રીતે સભાન બની શકતા નથી. આ જગતમાં જો કોઈનું રૂપાંતર કરવું અત્યંત મુશ્કેલ હોય તો તે આવા ઉદાર અને ડાહ્યા કહેવાતા મનુષ્યોનું છે. એ લોકોને પોતાના જીવનથી પૂરેપૂરો સંતોષ હોય છે. કોઈ માણસ ગરીબ હશે અને જેણે પોતાના જીવનમાં અનેક પ્રકારની મૂર્ખાઈભરેલી વસ્તુઓ આચરી હશે તે એકદમ દિલગીરી દર્શાવશે અને કહેશે, ''હું કશી વિસાતનો નથી, મારાથી કાંઈ થઈ શકે તેમ નથી. આપ મને જેવો બનાવવા ધારતા હો

તેવો બનાવો.'' આવો મનુષ્ય પેલા ડાહ્યા અને બુદ્ધિવાન અને મિથ્યાભિમાનથી ભરેલા મનુષ્ય કરતાં પ્રભુની વધુ નજીકમાં હોય છે, કારણ કે એને તો પોતે કેવો છે તેનો બરાબર ખ્યાલ હોય છે.

જે દાનેશરી અને ડાહ્યા મનુષ્યોએ માનવજાતિ માટે ઘણું કર્યું હોય છે તેઓ પોતાને માટે વધુ પડતા આત્મસંતુષ્ટ બની જાય છે અને પોતાનામાં પરિવર્તન કરવાની જરૂર વિશે એમને લેશમાત્ર વિચાર આવતો હોતો નથી. સામાન્ય રીતે આવા લોકો જ એમ કહેતા હોય છે કે, ''ખરેખર, જો મેં આ જગત બનાવ્યું હોત તો આવું ન બનાવત, આના કરતાં ઘણું સારું બનાવ્યું હોત. અને પછી એ લોકો પ્રભુએ જે વસ્તુ ખરાબ રીતે બનાવી હોય છે તેને સુધારવાના કામમાં લાગી જાય છે ! એ લોકોના ખ્યાલ પ્રમાણે આ જગતમાં બધું જ મૂર્ખાઈભર્યું અને નકામું હોય છે... જો તમારૂં વલણ આ પ્રકારનું જ હશે તો તમે પ્રભુના નહિ બની શકો. કારણ કે તમારામાં એવો સભાન અહંભાવ હશે કે પ્રભુના કાર્યોની તુલના કરી શકે તેવી અચૂક રીતની વરિષ્ઠ બુદ્ધિ તમારી પાસે છે અને એવા એ અહંભાવની સભાનતા, તમારી અને પ્રભુની વચ્ચે અંતરાયરૂપ નીવડશે. આવા લોકોને ખાતરી હોય છે કે જો આ જગત તેમણે બનાવ્યું હોત, તો પ્રભુએ જે મૂર્ખાઈઓ આચરી છે તેવી ભૂલો તેઓ ન કરત. અને આ બધું ગર્વ, મિથ્યાભિમાન, આત્મચ્છલમાંથી આવતું હોય છે. જે લોકો માનવજાતિની સેવા કરવા માગતા હોય છે તેમનામાં એનું જ બીજ રહેલું હોય છે.

*

## માનવજાતિને મદદ કરવી એ અહંકારનું જ રૂપ છે

તમે ભલેને લાખો હોસ્પિટલો ખોલો, પરંતુ એથી કરીને લોકો માંદા ન પડે તેવું બનવાનું નથી. ઉલટું લોકોને માંદા પડવા માટે એમના વડે હરેક પ્રકારની સગવડ અને ઉત્તેજન મળે એ સંભવિત છે. આપણે આ પ્રકારના ખ્યાલોમાં ગળાડૂબ રહેતાં હોઈએ છીએ. ''હું આ જગતમાં આવ્યો છું એટલે મારે બીજા લોકોને મદદ કરવી જોઈએ.'' આનાથી માણસના જીવને રાહત મળે છે. વળી એ પોતાની જાતને કહે છે : 'હું કેવો નિઃસ્વાર્થી છું ! હું માનવજાતિને મદદ કરતો રહીશ.'' આ બધું બીજું કાંઈ નહિ પણ અહંભાવ છે.

હકીકત તો એ છે કે તમારે જેની સાથે સીધેસીધો સંબંધ છે તે તો તમારી પોતાની જાત સાથે છે. તમારે લોકોનાં દુઃખો દૂર કરવાં છે, પરંતુ જો તમે તમારી અંદર રહેલા દુઃખનો અનુભવ કરવાની ક્ષમતાનું એક પ્રકારની નિશ્ચયાત્મક રીતે સુખાનુભવ કરી શકવાની ક્ષમતામાં પરિવર્તન નહિ કરી શકતા હો, તો જગતમાં કોઈ જાતનો ફેરફાર થશે નહિ. હંમેશાં એ વસ્તુ એવી જ રહેશે, આપણે ગોળગોળ ફર્યા કરીશું — એક પછી એક સંસ્કૃતિઓ આવતી જશે, એક પછી એક ઉત્પાતો ઊભા થતા જશે, પરંતુ પરિસ્થિતિમાં કશો ફેરફાર નહિ થાય, કારણ કે આમાં કશીક વસ્તુ ખૂટે છે, કોઈ એક વસ્તુનો અભાવ છે — એ વસ્તુ તે ચેતનાની સભાનતા છે. બસ એટલું જ.

કંઈ નહિ તો, મારો તો આ પ્રકારનો અભિપ્રાય છે અને એની જ કાંઈ કિંમત હોય તે સાથે હું તમારી આગળ રજૂ કરૂં છું. તમારી ઈચ્છા હોય, તો ભલે તમે શાળાઓ અને ઇસ્પિતાલો બાંધ્યા કરો, અને એમ કરવાથી તમને સુખ મળતું હોય તો તો એ તમારે માટે ઘણી સારી વાત કહેવાય. મેં જ્યારે ''મોસિયે વિન્સે'' ફિલ્મ જોઈ ત્યારે મને એમાં બહુ રસ પડેલો. એણે અનુભવ્યું હતું કે એ દસ ગરીબ માણસને જમાડતો એટલે બીજા એક હજાર મનુષ્યો જમવાને માટે આવી લાગતા. કોલ્બર્ટે એને એ જ વસ્તુ કહેલી કે ''એમ લાગે છે કે ભોજન જમાડીને તમે ગરીબ મનુષ્યોનું સર્જન કરી રહ્યા છો.'' અને એ વાત કંઈ તદ્દન ખોટી નથી. પરંતુ તમારા ભાવિમાં જ એવું લખાયું હોય કે તમે શાળાઓ સ્થાપો, શિક્ષણ આપો, માંદાઓની માવજત કરો, ઇસ્પિતાલો ખોલો, એ સારી વાત છે, ભલે, એમ કરો. પરંતુ એ વસ્તુને તમે બહુ મહત્ત્વ ન આપતા. એ એક એવી ભવ્ય વસ્તુ હોય છે કે જે તમે તમારા પોતાના આનંદ માટે કરી રહ્યા હો છો. તમારે એમ કહેવું કે, ''હું આમ કરૂં છું કારણ કે મને એમ કરવાથી સુખનો અનુભવ થાય છે'', પરંતુ એમાં યોગની વાત ન કરશો. એમાં તમે કોઈ પણ રીતનો યોગ કરતા નથી. તમે માનો છો કે તમે કોઈ મહાન વસ્તુ કરી રહ્યા છો, એટલું જ, અને એ કેવળ તમારા પોતાના આત્મસંતોષ ખાતર જ હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૧૦૦થી ૧૦૩)

*

## ધનની શક્તિ સાથે કાર્ય કરવાની સાચી પદ્ધતિ

આ ધનની શક્તિના પ્રવાહમાં રહેવાની સાચી રીત અહીં સ્પષ્ટ રીતે લખેલી છે : એક પ્રકારની પૂરેપૂરી તટસ્થ ભાવના, એક પ્રકારની એવી લાગણી કે તમે પોતે તેના માલિક નથી અથવા તે તમારી પોતાની માલિકીની નથી, પરંતુ તે એક શક્તિ છે જેની સાથે તમે કામ પાડો છો અને તેને જ્યાં જવું જોઈએ ત્યાં તમે મોકલી શકો છો જેથી કરીને તે સૌથી ઉપયોગી કાર્ય કરી શકે. અને આ ક્રિયાઓ દ્વારા, આ સતત કાર્ય દ્વારા તેની શક્તિમાં વધારો થાય છે — તેની આકર્ષણની શક્તિ, વ્યવસ્થાની શક્તિ વગેરે. એટલે કે કોઈ માણસ જેની પાસે ભૌતિક વસ્તુઓ ન હોય, જે એવા ભૌતિક સંજોગોમાં ન હોય કે તે દ્રવ્યનું સંચાલન કરી શકે, તેની પાસે જો આ શક્તિની માલિકી હોય તો, તે તેની પાસે કાર્ય કરાવી શકે, તેની હેરફેર કરી શકે અને જો તેને જરૂર લાગે તો તેને જેટલી જરૂરિયાત હોય તેટલી શક્તિ મેળવી શકે. અને તેમ છતાં કોઈ પણ બાહ્ય નિશાની કે કોઈ પણ કારણ એવું ન દેખાય કે શા માટે તેની પાસે ધન આવવું જોઈએ. તે તે એવી પરિસ્થિતિમાં હોય, જે સામાન્ય ધન કરતાં વિરુદ્ધ પ્રકારની હોય, અને તેમ છતાં તે આ શક્તિનો ઉપયોગ કરી શકે અને પોતાનું કાર્ય પાર પાડવા માટે તેને જેટલા ધનની જરૂરિયાત હોય તેટલું ધન પ્રાપ્ત કરી શકે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૪૩)

*

# પૈસો અને ઈશ્વરનું કાર્ય

**પ્રભુના કાર્ય માટે પૈસાની જરૂરિયાત**

જે કાંઈ સારામાં સારો નાણાં આપવાનો સંકલ્પ આવે છે તે એવી વસ્તુ માટે હોય છે જે આપનાર વ્યક્તિ પૂરેપૂરી રીતે સમજી શકે (અને જે સરળતાથી સમજાય તેવી વસ્તુ માટે હોય). દાખલા તરીકે કોઈ હોસ્પિટલ બાંધવાની હોય, નાનાં બાળકોને રાખવા માટેની કોઈ જગ્યા બાંધવાની હોય, તેવી વસ્તુઓ. આવાં બધાં કાર્યો એવાં શુભ સંકલ્પવાળાં છે જે મનુષ્યથી સહેલાઈથી સમજી શકાય તેવાં હોય છે, પરંતુ આપણે એમને એમ કહી નાણાં માગીએ છીએ કે અમે માનવ ચેતનામાં પરિવર્તન કરવા માગીએ છીએ, અમારે એક નવા જગતનું સર્જન કરવું છે, તો તો અરે ! સૌથી પહેલાં તો એ લોકો કહેશે : 'મને માફ કરો ! પ્રભુની વાત ન કરશો, કારણ કે આ કામ પ્રભુ કરી રહ્યા છે એટલે પ્રભુ એનાં સાધનો પણ તમને આપશે. અમારી સહાયની તમારે જરૂર નથી.' મને લોકોએ એવું કહેલું મેં સાંભળેલું છે : 'જો તમે પૃથ્વી ઉપર પ્રભુનાં પ્રતિનિધિ હો તો તમને યોગ્ય લાગે તે કરી શકો છો; અમારે કાંઈ આપવાની જરૂર નથી.' અને તમારામાંના કેટલા એવા વિચારથી (એ વિચાર પાછળના સ્વાદથી) દૂર છો ? — પ્રભુ સર્વશક્તિમાન છે, માટે, પ્રભુ પોતાને જે યોગ્ય લાગે તે કરી શકે છે.

આ એક પહેલી દલીલ છે; સિદ્ધાંત એ છે કે પ્રભુ સર્વશક્તિમાન છે. એને જે કાંઈ કરવું હોય તે કરી શકે છે; માટે એને કોઈની મદદની જરૂર નથી. તમે તમારા આ વિચારને પૂરતા પ્રમાણમાં આગળ લઈ જશો, અને વિચાર કરી જોશો કે પ્રભુ જો ખરેખર સર્વશક્તિમાન હોઈને પોતાનું ધાર્યું જ કરે છે, તો હું તમને કહી મૂકું કે તમે તરત જ જોઈ શકશો કે એવો પ્રભુ તો વિશ્વમાં એક અતિકાય રાક્ષસ જ કહેવાય ! કારણ કે એવો કોઈ સર્વશક્તિમાન પ્રભુ હોય કે જેણે આ અત્યારે છે એવું જગત બતાવ્યું હોય અને હસતાં હસતાં, લોકોને પીડા ભોગવતા, દુઃખી થતાં જોઈ રહી શકતો હોય અને એ બધું એને બરાબર લાગતું હોય તો હું તો એવા પ્રભુને રાક્ષસ જ કહું. હું જ્યારે પાંચ વરસની હતી ત્યારે એવા બધા વિચારો કરતી હતી. હું મારી જાતને કહેતી હતી : 'એમ ન હોઈ શકે, ત્યાં એ રીતનો જે ઉપદેશ આપવામાં આવે છે એ સાચો નથી !' હવે તમારામાં જરાક વધુ મીમાંસક દૃષ્ટિ છે એટલે આ મુશ્કેલીમાંથી કઈ રીતે બહાર નીકળવું એ તમને શીખવાડું. પરંતુ સૌ પ્રથમ તો તમારે એ વસ્તુ સમજી રાખવી કે એ એક બાલિશ વિચાર છે. હું કેવળ તમારી પાસે તમારી વ્યવહારુ બુદ્ધિની માગણી કરું છું. આ રીતનો વિચાર કરવામાં તમે તમારા પ્રભુને એક મનુષ્ય બનાવી લો છો. કારણ કે તમે તેને એ સ્વરૂપે જ સારી રીતે સમજી શકો છો. તમે એને એક મનુષ્ય બનાવી લો છો, અને પછી વિચાર કરો છો કે આ વ્યક્તિએ અમુક વસ્તુનું સંયોજન કર્યું છે (આખી પૃથ્વીની વાત કરવા જઈએ તો એ ઘણી મોટી થઈ જાય, સમજવી મુશ્કેલ પડે — આપણે કોઈ બીજી વસ્તુ લઈએ). અને પછી

પ્રભુએ આ વસ્તુને પોતાની જેમ ગમે તેમ કરવાની શક્તિ વડે ઊભી કરી છે. અને આ વસ્તુ — એણે પોતે પોતાની જેમ ફાવે તેમ કરવાની શક્તિને પૂરબહારમાં વાપરીને બનાવી છે — પછી એમાં અજ્ઞાન, મૂર્ખતા, દુષ્ટેચ્છા, ભય, દ્વેષ, ગર્વ, દુષ્ટતા અને પછી દુઃખાનુભવ, માંદગી, આપત્તિ અને સર્વ પ્રકારની યાતનાઓ આવે છે; એક એવી સૃષ્ટિ ઊભી થાય છે જેમાં લોકોનો એક આખો સમૂહ એમ નથી કહી શકતો કે તમને આખા દિવસમાં કદાચ થોડીક મિનિટોથી વધુ સુખની પળો ભોગવવાની મળતી હોય અને બાકીનો બધો સમય જેમને કેવળ એક શુષ્ક અવસ્થામાં ગાળવો ન પડતો હોય, જાણે કે પોતે સાવ નિર્જીવ હોય — અને તમે એને સૃષ્ટિ કહો છો !... હું તો એને એક નર્ક જેવી વસ્તુ જ કહું. અને જે લોકો આવી વસ્તુ જાણી જોઈને કરતા હોય છે તેઓ કેવળ કરતા નથી પરંતુ કહેતા પણ હોય છે કે, 'ઓહ ! એ તો બહુ સારી વસ્તુ છે.' આ વસ્તુ પેલા કેટલાંક ધાર્મિક પુસ્તકોમાં કહેલી છે તેના જેવી છે; એ પુસ્તકોમાં કહ્યું છે કે આ સૃષ્ટિ જે રીતની છે તેનું સર્જન કર્યા પછી, પ્રભુએ સાતમે દિવસે એનું નિરીક્ષણ કર્યું અને પોતે જે વસ્તુ બનાવી હતી એનાથી એને ખૂબ સંતોષ ઊપજ્યો એટલે એ આરામ કરવા ગયો... અરે, એવું તો હોતું હશે ! હું એને પ્રભુ તો ન કહું.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૬૨થી ૨૬૪)

*

**માતાજી, આ લોકો શા માટે શક્તિને ઝીલે છે, જ્યારે પ્રભુ તો જાણે છે કે તેઓ સચ્ચાઈવાળા નથી ?**

સાંભળ, મારા બાળક, પ્રભુ તેના કાર્યમાં માનવ ખ્યાલો પ્રમાણે વર્તતો નથી. તારે તે તારી રીતે કાયમ માટે તારા મગજમાં ઊતારવું જોઈએ. આપણે જેને કારણો ગણીએ છીએ તે કારણો સિવાય કદાચ તે કાર્યો કરે છે. પરંતુ ગમે તે રીતે, તેનાં જો કોઈ કારણો હોય તો, તે માનવનાં કારણો જેવાં હોતાં નથી અને ચોક્કસ માનવ જે રીતે ન્યાય સમજે છે તે રીતની ન્યાયની ભાવના તે રાખતો નથી.

દા.ત. તું સહેલાઈથી કલ્પના કરી શકે કે એક માણસ, જે દ્રવ્યની લાલસા રાખે છે, તે પૈસો મેળવવા માટે લોકોને છેતરે છે... તારા ન્યાયના ખ્યાલ પ્રમાણે તે માણસનો પૈસો ખતમ થઈ જવો જોઈએ અને તે ગરીબ બની જવો જોઈએ. આપણે જોઈએ છીએ કે ઘણે ભાગે આનાથી વિરુદ્ધ જ બને છે. પરંતુ હકીકતમાં તો તે માત્ર બાહ્ય આભાસ જ છે. બાહ્ય દેખાવની પાછળ બીજું કાંઈક સહેલું છે... બીજી શક્યતાઓને તેના બદલામાં તે મેળવે છે. તેની પાસે પૈસો હોઈ શકે પણ તેનામાં અંતઃકરણ હોતું નથી. હકીકતમાં અનિવાર્ય રીતે તેની પાસે તેની ઇચ્છા પ્રમાણે દ્રવ્ય હોય પણ તે સુખી હોતો નથી... અને જેમ જેમ પૈસો વધતો જાય તેમ તેમ તે ઓછો સુખી થતો જાય. તેણે જે પૈસો મેળવ્યો છે તેનાથી તેને સતામણી થતી હોય, તું સમજ.

તમારે બાહ્ય સફળતાથી કોઈ નિર્ણય બાંધવો ન જોઈએ, અથવા બાહ્ય નિષ્ફળતાના

દેખાવથી પણ. આપણે એમ કહી શકીએ — અને લગભગ આવું જ સતત બને છે — કે પ્રભુ, વ્યક્તિ જે વસ્તુની ઇચ્છા રાખે તે વસ્તુ તેને આપે છે અને બધા પાઠોમાં તે સર્વશ્રેષ્ઠ છે ! કારણ કે જો તમારી કામના અચેતન, તમોગ્રસ્ત, અહંકારયુક્ત હશે, તો તમે અચેતનતા, તમસ અને અહંકારને તમારી પોતાની અંદર વધારશો; એટલે કે તે તમને સત્યથી, ચેતનાથી અને સુખથી દૂર અને દૂર લઈ જશે. તે પ્રભુથી તમને દૂર લઈ જશે. અને પ્રભુ માટે તો એક જ સત્ય છે — દિવ્ય ચેતના, દિવ્ય ઐક્ય. અને દરેક સમયે સ્થૂલ વસ્તુને પ્રાધાન્ય આપો તેમ તેમ તે દરેક સમયે તમે વધારે ને વધારે ભૌતિક બનતા જાઓ છો અને સાચી સફળતાથી દૂર અને દૂર જાઓ છો.

પરંતુ સત્ય માટે તો — પેલી બીજી સફળતા એ ભયંકર નિષ્ફળતા છે.... તમે સત્યને બદલે જૂઠાણાની અદલાબદલી કરી છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૨૩૦-૨૩૧)

*

## ભક્તિનું પ્રદર્શન

**પ્રશ્ન : માતાજી, કેટલાક લોકો અહીં આવે છે. તેઓ શ્રીમંત અને ખૂબ ભક્ત હોય છે. તેઓ પોતાની ભક્તિ દેખાડે છે. પણ જ્યારે પૈસા આપવાની વાત આવે છે, ત્યારે તેઓ સોદો કરે છે.**

**તેઓ ભક્તિભાવવાળા હોય છે, તેઓ ભક્તિભાવ દેખાડતા હોય છે...**

કઈ રીતે ? ભગવાન પાસેથી બને તેટલું કઢાવી લેવા વડે ?

...પણ જ્યારે પૈસા આપવાની વાત આવે છે, ત્યારે તે સોદો કરે છે, ગણતરી કરે છે.

મેં તેનો જવાબ આપી દીધો છે. ભગવાન પાસેથી બને તેટલું કઢાવી લેવાના વિચારથી તેઓ આવતા હોય છે — સર્વ ગુણો, સર્વ શક્તિઓ, સર્વ સગવડો, સર્વ એશ-આરામ, બધું જ, કેટલીક વાર તો સિદ્ધિઓ પણ. તેઓ લેવા માટે આવે છે, આપવા માટે નહિ, ભક્તિનો તેમનો દેખાડો એ તેમની લેવાની ઇચ્છા ઉપર નાખેલો માત્ર બુરખો હોય છે. તે ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે — પોતાનો ઉદ્ધાર કરવાની ઇચ્છા, આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા, સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા; ક્ષુદ્ર, શાન્ત, સગવડભર્યું, થોડી કે વધારે સગવડોવાળું જીવન જીવવાની ઇચ્છા — જેમાં કોઈ ચિંતાઓ કે મગજ પર બોજો ન હોય તેવા જીવનની ઇચ્છા. આમ ઇચ્છાઓ વિશાળ ક્ષેત્રને આવરી લેતી હોય છે. પણ જ્યારે તેઓ કંઈ આપે છે, ત્યારે તેઓ સોદો કરતા હોય છે. તેઓ જાણતા હોય છે કે આ બધી વસ્તુઓ મેળવવા માટે થોડુંક કાંઈક આપવું એ ઠીક છે. નહિ તો તે વસ્તુઓ અમને પ્રાપ્ત નહિ થાય; તેથી તેઓ ભક્તિભાવનો દેખાડો કરતા હોય છે. પણ તે માત્ર દંભ હોય છે, કારણ કે તેમાં દિલની સચ્ચાઈ નથી હોતી.

તેમની કમનસીબી એ છે કે તે દંભ કોઈને છેતરી શકતો હોતો નથી. તે દંભને સહન કરી લેવામાં આવે પણ તેનો અર્થ એવો નથી કે કોઈ તેમનાથી છેતરાય છે.



શ્રી માતાજી

અસ્તિત્વના સર્વ ભાગોમાં સોદાબાજી હોય છે. ઉચ્ચતમ આધ્યાત્મિક અનુભૂતિઓથી માંડીને તે નાનામાં નાની ભૌતિક જરૂરિયાતો સુધી, બધે જ આપ-લેનો સોદો હોય છે. સોદા સિવાય સમર્પણ કરનાર માણસ હજારમાં એક પણ નથી હોતો.

## ઈશ્વરને પૈસા અર્પણ કરવા

**પ્રશ્ન : પણ સામાન્ય જીવનમાં, જ્યારે શ્રીમંત માણસો પોતાની સંપત્તિ ભગવાનને અર્પણ કરતા હોય છે ત્યારે ભગવાન તેમની સામે નથી હોતા. તો પછી કોને સંપત્તિ આપે ? પૈસા ક્યાં આપવા તે તેઓ જાણતા હોતા નથી.**

હા, પણ પછી તો પ્રશ્ન ઊભો જ થતો નથી. જો તેમણે પોતાની અંદર કે બહાર ભગવાનને પ્રાપ્ત ન કર્યા હોય, તો પછી પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી. જેમને તે જાણતા હોતા નથી તેમને આપવાનું તેમને કહેવામાં આવતું નથી.

જો તેમણે પોતાની અંદર ભગવાનને પ્રાપ્ત કર્યા હોય, તો પોતાની પાસે જે કાંઈ હોય તેના ઉપયોગ માટે તેમણે માત્ર ભગવાનના સૂચનને જ અનુસરવાનું રહે છે. જો તે પ્રાપ્ત કરેલાં સૂચનોને દિલની સચ્ચાઈપૂર્વક અને ચોક્કસપણે અનુસરે તો તેમની પાસે માત્ર એટલી જ માગણી કરવામાં આવે છે. પણ ત્યાં સુધી કોઈની પાસે કોઈ પણ વસ્તુની માગણી કરવામાં આવતી હોતી નથી.

જ્યારે કોઈ માણસ કહે છે કે — 'હું આ રહ્યો; મારે ભગવાનને મારી જાત સમર્પિત કરવી છે', ત્યારે જ તે પ્રશ્ન પૂછવાની શરૂઆત કરતો હોય છે, તે પૂછવાની ક્ષણથી, બધું બરાબર — ઠીકઠાક થઈ રહે છે, ત્યાર પહેલાં નહિ. ત્યાર પહેલાં, જો તમે તમારા ખિસ્સામાંથી એક સિક્કો કાઢીને ત્યાં મૂકો, તો તે સારું છે — બહુ સારું છે. જે તમને કરવા જેવું લાગ્યું તે તમે કર્યું છે; બસ, એટલું જ — તમારી પાસે કોઈ વસ્તુની માગણી કરવામાં આવતી જ હોતી નથી. ભગવાન તમને સ્વીકારે તેવી માગણી કરવી અને સદ્-ભાવનાભર્યું કોઈ કૃત્ય કરવું — એ બે વચ્ચે મોટો તફાવત છે, પણ તમારા જીવનમાં કોઈ પણ જાતનો ફેરફાર કરવાનો જરા પણ આશય રાખ્યા સિવાય તે અપાવું જોઈએ.

સામાન્ય જીવન જીવનાર લોકો સદ્-ભાવનાથી એવું કોઈ કૃત્ય કરે, તો તે તેમને માટે વધારે સારી વાત છે; તે તેમને માટે ભાવિ જીવનો માટે પૂર્વ-કૃત્યોનું સર્જન કરે છે. પણ તે તે ક્ષણથી જ કે જ્યારે તમે કહો છો કે —''હવે મને ખાતરી થઈ ગઈ છે કે મારે માટે માત્ર દિવ્ય જીવન જ મહત્ત્વનું છે, મારે દિવ્ય જીવન જીવવું છે.' તે ક્ષણથી જ કોઈ તમારી પાસે માગણી કરે છે, ત્યાર પહેલાં નહિ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : પૃ. ૧૬-૧૭, અને ૧૫-૧૬)

*

## ઈશ્વરના કાર્ય માટે પૈસાને જીતી લેવા

બાળક : શ્રી માતાજીને માટે લક્ષ્મીને આપણે કઈ રીતે ફરીથી જીતી લાવી શકીએ ?

**શ્રી માતાજી :** અરે !... એ બાબતમાં અહીં એક સંકેત કરેલો છે. (શ્રી અરવિન્દ અહીં કહે છે કે :) ત્રણ વસ્તુઓ એવી છે જે અન્યોન્ય ઉપર આધાર રાખે છે અને તે છે સત્તા, ધન અને જાતિય વાસના. હું માનું છું કે એ ત્રણ એક બીજા ઉપર આધાર રાખે છે અને તેથી તેમાંથી કોઈ એકની ખાતરીપૂર્વકની પ્રાપ્તિ કરવા માટે તમારે ત્રણેય ઉપર વિજય મેળવવો જોઈએ – જો તમારે એ ત્રણ પૈકી કોઈ એકની ઉપર વિજય મેળવવો હોય તો બીજી બે મેળવવી જ રહી. જ્યાં સુધી તમે સત્તા માટેની કામના, ધન માટેની કામના અને જાતિયભોગ માટેની કામના, એ ત્રણ વસ્તુઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત ન કર્યું હોય ત્યાં સુધી તમે એ ત્રણમાંથી એકેયને સાચી રીતે, ખાતરી બંધ અને દઢપણે ધારણ કરી શકતા નથી. આજે જગતમાં ધનને આટલી મોટી અગત્ય આપવામાં આવે છે તે કેવળ પૈસાને પોતાને આપવામાં આવતી નથી પણ સામાન્ય રીતે ધનની કામના અને પ્રાપ્તિ એટલા માટે કરવામાં આવે છે કે એના વડે અમુક ઉપભોગો પ્રાપ્ત થઈ શકે છે. અલબત્ત એવા કેટલાક મૂર્ખ લોકો પણ હોય છે કે જેઓ ધનનો ઢગલો કરવામાં જ સુખ માણે છે. કારણ કે તેઓ તેનો ઢગલો કરીને ગણી શકે છે, પણ એમની વાત જુદી છે. અને આ વસ્તુઓને પરસ્પર લેણદેણ હોય છે : કામનાના જગતમાં આ ત્રણેયને પોતપોતાની આગવી કિંમત હોવા ઉપરાંત એમ પણ છે કે ત્રણ પૈકીની કોઈ એક વસ્તુ બાકીની બે ઉપર આધાર રાખતી હોય છે. મે તમારી પાસે પેલા સૂક્ષ્મ દર્શનનું વર્ણન કર્યું હતું જેમાં એક મોટો કાળો સર્પ જગતના ધન ઉપર, પાર્થિવ ધન ઉપર દેખરેખ રાખી રહ્યો હતો અને એણે જાતિય વાસના ઉપરના પ્રભુત્વની માગણી કરી હતી. કેટલાક મતના સિદ્ધાંતો પ્રમાણે સત્તા માત્રની જરૂરિયાતનો અંત આ પ્રકારના ઉપભોગમાં આવે છે અને તેથી જ, જો તમે એના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરો, જો તેનો માનવ ચેતનામાંથી ધ્વંસ કરવામાં આવે, તો જગતમાંથી આપોઆપ સત્તાની જરૂરિયાત અને ધનની કામના ઘણા પ્રમાણમાં અદશ્ય થઈ જાય. દેખીતી રીતે, પાર્થિવ માનવ જીવનમાં આ ત્રણ મોટાં વિઘ્નો છે અને જ્યાં સુધી તેમના ઉપર વિજય પ્રાપ્ત નહિ કરવામાં આવે ત્યાં સુધી માનવજાતિમાં પરિવર્તન થવાનો સંભવ ઘણો ઓછો છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૫૪-૫૫)

*

**'વિજ્ઞાનમય સૃષ્ટિની અંદર લક્ષ્મીને પ્રભુની મહાશક્તિના હાથમાં ફરીથી મૂકવાની છે.'**

**('મા' પુસ્તક : ૨૫)**

# વૃત્ત વિશેષ

**ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું ૪૫મું વાર્ષિક અધિવેશન**

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં તા. ૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન ગુજરાતનાં કેન્દ્રોનું ૪૫મું વાર્ષિક સંમેલન યોજવામાં આવ્યું હતું.

૧૩મી તારીખે સવારે ૧૦.૦૦ વાગે શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના પૂર્વ અધ્યક્ષ શ્રી હંસકુમાર માંકડ સાહેબના અધ્યક્ષપદે શ્રીમતી અંગિરાબેનની ભાવવાહી પ્રાર્થના સાથે સંમેલનનો પ્રારંભ થયો. દીપ પ્રાકટ્ય પછી શ્રી શરદભાઈ જોશીએ સ્વાગત પ્રવચન કર્યું અને સુ. શ્રી જ્યોતિબહેન થાનકીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

આ વર્ષના સંમેલનમાં ચિંતનનો વિષય હતો 'પૂર્ણયોગ' : આ ચિંતન યાત્રામાં આઠ કેન્દ્રોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. હાજર રહેલા દરેક કેન્દ્રોના પ્રતિનિધિઓએ પોતાના કેન્દ્રનો અહેવાલ રજૂ કર્યો હતો. આપણા કેન્દ્રો ભક્તિભાવપૂર્વક ધ્યાન, પ્રાર્થના, ગ્રંથોનું વાંચન, સ્વાધ્યાય ચર્ચાઓ, શિબિરો અને પ્રવચનો દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યાં છે એ સુવિદિત છે.

યુવા અને બહેનો માટેના સત્રમાં શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત, શ્રી ધીરૂભા રાઠોડ અને શ્રી જીજ્ઞાબેન દવે તથા શ્રી સુ.શ્રી જ્યોતિબહેન થાનકીએ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું. ગુજરાત Auro Youth State ના Co-ordinator શ્રી ધીરૂભાએ દરેક કેન્દ્રને એક Youth Co-ordinator ની નિમણૂક કરવા અને તેની જાણ સ્ટેટ કમિટીને કરવા ખાસ તાકીદ કરી.

પ્રથમ દિવસના છેલ્લા સત્રમાં નવનિર્મિત 'શ્રી અરવિન્દ જીવન દર્શન'ના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ હતો. ઉદ્‌ઘાટન પરમ વંદનીય શ્રી મોરારીબાપુના હસ્તે થયું. ઉદ્‌ઘાટન વિધિનું સીધું પ્રસારણ કરવામાં આવ્યું, જેથી સભામંડપમાં બેઠેલા પ્રેક્ષકો તેના સાક્ષી બની શકે, ઉદ્‌ઘાટન બાદ શ્રી મોરારીબાપુએ પ્રદર્શનને ઝીણવટથી નિહાળ્યું હતું. આશીર્વચન રૂપ બાપુના ઉદ્‌બોધનના પ્રભાવક અંશો ''આ તીર્થ ગુણાતીત છે. અહીં શ્રી અરવિન્દ અને શ્રીમાની ચેતનાનો પ્રભાવ આટલા વર્ષો પછી પણ અનુભવી શકાય છે. ... શ્રી અરવિન્દની છબી જોતાં એવું લાગે છે જાણે ધ્યાન સ્વયં દેહધારણ કરીને અહીં અવતીર્ણ થયું. ... 'સાવિત્રી'ના શબ્દ મેં વાંચ્યા છે ઓછા પણ તેનું મેં અવલોકન કર્યું છે અને તેનો સ્પર્શ અનુભવ્યો છે. ...શ્રી અરવિન્દની જ્ઞાનપ્રભા આપણને શીતળતા આપે છે. ...''

આ પ્રસંગે તેઓશ્રીએ પોંડિચેરીમાં કરેલી કથાનું સ્મરણ કર્યું તથા ઑરોવિલ અને માતૃમંદિરમાંના એકાગ્રતાના અનુભવો, 'કેવળ મૌન'ના અનુભવો પણ શ્રોતાઓ સાથે વહેંચ્યા હતા.

બીજા દિવસનું પ્રથમ સત્ર સંસ્કૃત માટે ફાળવવામાં આવ્યું હતું. આ સત્રમાં શ્રી શરદભાઈએ પ્રવચન આપ્યું હતું. પ્રવચનનો વિષય હતો : 'વેદ અને વેદાન્ત શ્રી અરવિન્દના પ્રકાશમાં.' આ પ્રવચનમાં તેમણે 'વેદરહસ્ય' ગ્રંથનો પ્રવાહી શૈલીમાં પરિચય કરાવ્યો. વેદ અને ઉપનિષદ ઉપરના શ્રી અરવિન્દના અગાધ જ્ઞાન વારિધિમાંથી શ્રી શરદભાઈએ સંતર્પક આચમન કરાવ્યું.

બીજા સત્રમાં વડોદરા મહાનગર સેવા સદન તરફથી શ્રી અરવિન્દ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. રમેશચંદ્ર બીજલાનીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય હતો ''श्री अरविन्द सौ साल पहेले हजार साल आगे.'' પ્રારંભમાં શ્રી અરવિન્દ નિવાસના વાતાવરણથી પ્રભાવિત થયેલા, મહાનગર સેવા સદનના કમિશ્નર શ્રી ડૉ. વિનોદ રાવે તેમના ટૂંકા ગુજરાતી સંબોધનમાં વડોદરામાં ઘણું રહ્યા હોવા છતાં આજે પ્રથમ વખત શ્રી અરવિનદ નિવાસની મુલાકાત લેવા બદલ અફસોસની લાગણી અનુભવ્યાનું જણાવ્યું. ડૉ. બીજલાની હાલમાં દિલ્હી આશ્રમમાં સ્વાસ્થ્ય ઉપર

શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. ડૉ. બીજલાની ૧૯૯૨થી શ્રી અરવિન્દના પૂર્ણયોગનું અનુશીલન કરી રહ્યા છે. તેમના હિન્દી વ્યાખ્યાનમાં તેમણે શ્રી અરવિન્દના આધ્યાત્મિક જીવનની રજૂઆત કરતાં જણાવ્યું કે શ્રી અરવિન્દના આધ્યાત્મિક દર્શનનો પ્રભાવ પ્રસરી રહ્યો છે, અને હજારો વર્ષો સુધી પ્રસરતો રહેશે.

બપોર પછીના સત્રમાં વિચારોની ટૂંકી આપ-લે બાદ શ્રી શરદભાઈએ સર્વ પ્રતિનિધિઓનો આભાર માન્યો અને આ સંમેલનની સમગ્ર કાર્યવાહી શ્રી માતાજીને અર્પણ કરી સંમેલનનું સમાપન કર્યું. બહારના કેન્દ્રોમાંથી લગભગ ૮૦ પ્રતિનિધિઓ અને ૬૫ સ્થાનિક અભીપ્સુઓએ સંમેલનમાં ભાગ લીધો હતો. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

*

શ્રી અરવિન્દ સોસાયટી, ધારી શાખા દ્વારા તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ 'દિવ્યાંશ' સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમોમાં ધ્વજવંદન, સમૂહ ધ્યાન તથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૐ પુરિ શાખાના અધ્યક્ષ શ્રી રમેશભાઈ ત્રિવેદી, અમરેલી શાખાના શ્રી સુરેશભાઈ જોશી, શ્રી ધીરુભા રાઠોડ તેમ જ અન્ય સાધકો સ્થાનિક સાધકો સાથે જોડાયા હતા.

*

વર્ધા – મહારાષ્ટ્ર મુકામે તા. ૯ ઑક્ટોબર ૨૦૧૬ના રોજ ડૉ. શોભના શાસ્ત્રીના અધ્યક્ષસ્થાને આયોજિત કાર્યક્રમમાં પ્રો. શ્રી ભારતસિંહ ઝાલાએ આંતરદીપમાં 'અવતારની તપશ્ચર્યા' વિષય ઉપર વક્તવ્ય રજૂ કર્યું હતું.

*

૧૫ ઑગસ્ટ ૨૦૧૬ના રોજ બોટાદ કેન્દ્રમાં વડોદરાના શ્રી નરેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું.

**સાભાર સ્વીકાર : (૧) દીવે દીવે દેવ** — શબ્દોના મોતીની રંગોળી : **ચંદ્રકાન્ત શેઠ** : પ્રકાશક : આર.આર. શેઠ ઍન્ડ કં. પ્રા.લિ. રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૫૫૦૬૫૭૩(૦૭૯) ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા : ૧૬૮. રંગબેરંગી આકર્ષક મુખપૃષ્ઠ : મૂલ્ય રૂા. ૧૫૦/-. અજવાળાંની પ્રાણપ્રતિષ્ઠા પામેલું પુસ્તક ! લેખકના વિધવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં લેખોનું સંકલન.

(૨) **આપણું અત્તર આપણી સુવાસ - જીવનના અખંડ આનંદની ખોજ - ચંદ્રકાન્ત શેઠ** : પ્રકાશક આર. આર. શેઠ ઍન્ડ કં. પ્રા.લિ. ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા. ૧૨૦. રંગબેરંગી સુંદર આવરણ. મૂલ્ય : રૂા. ૯૯/-. અખંડ આનંદ સામયિકમાં પ્રસિદ્ધ થયેલા લઘુલેખોનું સંકલન.

(૩) **ચૂંટેલી કવિતા : ઝવેરચંદ મેઘાણી** સંપાદન અને પ્રસ્તાવના : ચંદ્રકાન્ત શેઠ : શબ્દલોક પ્રકાશન, 'સારસ્વત સદન' ૧૭૬૦/૧, ગાંધી માર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧. 'ઝવેરચંદ મેઘાણીની કવિતા ગુજરાતનું જ નહીં રાષ્ટ્રનુંયે સંસ્કાર ધન છે.' વાંચવા લાયક પુસ્તક : પૃષ્ઠ સંખ્યા : ૧૧૮ : મૂલ્ય રૂા. ૧૨૦/-.

(૪) **સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજના પરિસરમાં : ચંદ્રકાન્ત શેઠ** : પ્રકાશન : રન્નાદે પ્રકાશન, ૫૮-૨ બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. પૃષ્ઠ : ૧૮૮, રંગબેરંગી, મુખપૃષ્ઠ : મૂલ્ય રૂા. ૧૮૫/-. લેખક દ્વારા 'ભાષા તેમ જ સાહિત્યને લગતા કેટલાક મુદ્દાઓને અનુલક્ષીને જે કંઈ વંચાયું, લખાયું અને બોલાયું તેમાંથી ચયન કરીને કેટલુંક અહીં રજૂ કર્યું છે.'

પ્રેમમૂર્તિ શ્રી પૂજાલાલ પુસ્તક વિશે લેખક દ્વારા લખાયું તે ચયનપાત્ર થયું છે અને પુસ્તકમાં સમાવાયું છે.

**SAFIM**

**Sri Aurobindo Foundation for Integral Management**

Centre of Excellence for Integral Leadership and Management
Organises Leadership and Wellness Programmes for Corporate and Institutes
for
Executives
Faculty and Administrative Personnel
Students

Also organizes Retreats and Open Workshops at serene venues in Pondicherry

**Upcoming Workshops of SAFIM**

**Managing Stress through Inner Poise**
Two-hour session exploring the deeper causes of stress - the reflections and the activities in the workshop unveiling ways to establish sustained dynamic inner peace

**Date: April 22, 2017 (Saturday) Time: 3pm -5pm**
**Venue: Beach Office, Sri Aurobindo Society, Pondicherry**
**Registration Fee: INR 500 only**

**Towards Life Beautiful**

A 3-day retreat for families and individuals to help them find a deeper connect with themselves and
with others, thereby realizing a profounder fulfillment to life
Special activities designed for children (age 6 to 16)

**Date: 25th – 27th (Thu-Sat) May 2017**
**Venue: Beach Office, Sri Aurobindo Society, Pondicherry**
**Adult Registration Fee: INR 6000 only**
**(No fees for one child accompanying an adult)**

**Package includes Lunch and Refreshments during Workshop**

**For registration and further details, please contact**
**Email: safim@aurosociety.org, Ph: 0413 233 0256**

# PRABHU ARPAN
# FORM IV

| | | |
|---|---|---|
| 1. | **Place of Publication** | Vadodara |
| 2. | **Periodicity of Publication** | Monthly |
| 3. | **Printer's Name**<br>**Citizenship & address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| 4. | **Publisher's Name**<br>**Citizenship & Address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| 5. | **Editor's Name**<br>**Citizenship & Address** | Shri Kiritkumar Indravadan Thakkar<br>Indian,<br>E-102, Chandranagar Colony<br>Waghodia Road,<br>Vadodara - 390 019 |
| 6. | **Name and Address**<br>**of the Owner** | Sri Aurobindo Society<br>Vadodara Branch. |

I hereby declare that the particulars given above are ture to the best of my knowledge and belief.

Vadodara
31-3-2017

Sd/-
***(Shri Sharadchandra M. Joshi)***
Publisher

લક્ષ્મી એટલે કે ધન એક વૈશ્વિક શક્તિનું જ પ્રતીક છે અને પાર્થિવ ભૂમિકા ઉપર જ્યારે એ શક્તિનો આવિર્ભાવ થાય છે ત્યારે તે પ્રાણની અને સ્થૂલ ચેતનાની ભૂમિકા ઉપર કાર્ય કરે છે, તથા બાહ્ય જીવનની પ્રફુલ્લતા માટે એ શક્તિ અપરિહાર્ય છે. એની ઉત્પત્તિ અને એનો મૂળ ધર્મ જોતાં લક્ષ્મી ભગવાનની શક્તિ છે. પરંતુ ભગવાનની બીજી દિવ્ય શક્તિઓની પેઠે તે પણ આ પાર્થિવ ભૂમિકામાં અન્ય શક્તિઓ વડે રજૂ થાય છે અને અધોમુખ પ્રકૃતિની અજ્ઞાન અવસ્થામાં માનવના અહંના ઉપયોગને ખાતર તેનું બળજબરીથી અપહરણ થઈ શકે છે, અથવા તો આસુરી શક્તિઓ તેને જકડી રાખી શકે છે અને પોતાના હેતુઓને સાધવા માટે તેને વિકૃત કરી શકે છે. મનુષ્યની અહંતાનું અને અસુરનું સૌથી વધારે બળપૂર્વક આકર્ષણ કરનારી ત્રણ મહાન શક્તિઓ આ જગતમાં છે — સત્તા, લક્ષ્મી અને કામવાસના — એમાંની એક લક્ષ્મી છે. ઘણુંખરું શક્તિઓને જેઓ પોતાના હાથમાં રાખતા હોય છે તેઓએ તેમને ખોટી રીતે પકડી રાખેલી હોય છે તથા તેઓ દુરુપયોગ કરતા હોય છે. લક્ષ્મીની ખોજ કરનારા અથવા તો તેના ભંડારીઓ લક્ષ્મીને ધારણ કરવાવાળા ધારક નહિ, પરંતુ પોતે જ કોઈ શક્તિની પકડમાં જઈ પડેલા હોય છે. વળી, લાંબા સમય સુધી અસુરોએ તેનું અપહરણ કરેલું છે તેથી અને તેમણે કરેલા વિકૃત વ્યવહારથી લક્ષ્મીના પોતાના ઉપર એક પ્રકારની વિકૃતિ ઉત્પન્ન કરનાર દૃઢ સંસ્કાર પડેલો છે તેની અસરથી ઘણા જ થોડા માણસો સંપૂર્ણપણે મુક્ત રહી શકે છે. આ કારણને લઈને આધ્યાત્મિક સાધનાના માર્ગોમાંના ઘણાખરા ધનના વિષયમાં સંપૂર્ણ આત્મસંયમ અને અનાસક્તિ રાખવાનો અને ધનના બંધનનો તથા એની પ્રાપ્તિ માટેની સઘળી અંગત અને અહં-પ્રધાન કામનાઓનો ત્યાગ કરવાનો આગ્રહ કરે છે. કેટલાક માર્ગો તો ધનનો અને સંપત્તિ માત્રનો નિષેધ કરે છે, એને વર્જ્ય ગણે છે અને ગરીબાઈ તથા રિક્ત જીવનને જ એકમાત્ર આધ્યાત્મિક સ્થિતિ તરીકે જાહેર કરે છે. પરંતુ એ ભૂલ છે, એથી તો ભગવાનની દિવ્ય શક્તિ લક્ષ્મી પ્રભુવિરોધી શક્તિઓના જ હાથમાં રહેવાની. જે પ્રભુની એ શક્તિ છે તે પ્રભુને ખાતર અસુરોના હાથમાંથી તેને પુનર્મુક્ત કરવી અને દિવ્ય રીતે દિવ્ય જીવન ગાળવા માટે તેનો ઉપયોગ કરવો એ વિજ્ઞાનયોગના સાધકને માટેનું દૃષ્ટિબિંદુ ગણાય.

શ્રી અરવિન્દ

('મા' પુસ્તક : પૃ. ૧૯-૨૦)

(વર્ષ ૦૩ : અંક ૩)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**